પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૬૨ • કુલ પાના : ૪ • તારીખ : ૦૨-૧૧-૨૦૨૩ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## મરાઠા આરક્ષણ,બેંગ્લુરુ હાઈવે ઠપ : ઠેરઠેર બસો, સરકારી કચેરીઓને આગચંપી અને તોડફોડ

મુંબઈ,

મરાઠા આરક્ષણની માગણી સાથે છેડાયેલા આંદોલન આજે વધુ વકર્યું હતું અને અનેક ઠેકાણે આગજની અને પથ્થરમારાના બનાવો બન્યા હતા. મુંબઈ- બેંગ્લોર હાઈવે ઉપર પુણે પાસે આંદોલનકારીઓએ આજે બપોરે સળગતા ટાયરો ફેંકીને બંને તરફનો ટ્રાફિક ખોરવી નાખ્યો હતો અને વાહનોની કેટલાય કિલોમીટર લાંબી લાઈનો લાગી ગઈ હતી. આ ઉપરાંત આંદોલનકારીઓએ મુંબઈ નજીકના બદલાપૂર ઉપરાંત સોલાપુરમાં ટ્રેન અટકાવવા પ્રયાસ કર્યો હતો. આંદોલનનું કેન્દ્ર બનેલા બીડમાં પરિસ્થિતિ સુધરી હોવાનો દાવો સરકારી તંત્ર કરી રહ્યું છે પરંતુ ત્યાં કરફ્યૂ અને



ઈન્ટરનેટ પર પ્રતિબંધ યથાવત છે. બીજી તરફ ધારાશિવ જિલ્લામાં પણ કેટલાય વિસ્તારોમાં કરફ્યૂ લાદવો પડયો છે.

મુંબઈ- બેંગ્લોર હાઈવે પર પુણેના નવલેબ્રિજ ઉપર આંદોલનકારીઓ સૂત્રો પોકારતા ધસી ગયા હતા અને ટાયરો સળગાવીને વાહનોની અવરજવર થંભાવી દીધી હતી. તરત જ પોલીસ ટીમ પહોંચી ગઈ હતી અને આંદોલનકારીઓને દૂર હટાવી રસ્તો ક્લિયર કર્યા પછી ધીમે ધીમે મુંબઈ અને બેંગ્લોર વચ્ચેનો વાહન- વ્યવહાર પૂર્વવત થયો હતો.

જાલના જિલ્લાના ઘનસાવંગી ગામે આરક્ષણ સમર્થક કાર્યકરોએ પંચાયત સમિતિની ઓફિસ ઉપર હલ્લો કર્યો હતો અને ભારે ભાંગફોડ કરી હતી. ત્યાર પછી બહાર આવીને પંચાયત સમિતિની ઈમારતને આગ ચાંપી હતી. પોલીસ અને ફાયર- બ્રિગેડવાળા પહોંચી ગયા હતા અને આગ બુઝાવી હતી. ભાંગફોડને લીધે ભારે નુકસાન થયું હતું એટલું જ નહીં આગમાં પંચાયતના મહત્વના દસ્તાવેજો અને કામના કાગળો બળી ગયા હતા.

જાલના જિલ્લામાં જ મરાઠા સમાજવાળા બદનાપુર તહેસીલમાં રેલવે ટ્રેક ઉપર બેસી ગયા હતા અને રેલ-રોકો આંદોલનનો પ્રયાસ કર્યો હતો. જો કે રેલવે પ્રોટેક્શન ફોર્સે તેમની સાથે સમજાવટથી કામ લઈ પાટા પરથી ખસેડયા હતા. દરમિયાન બીડ જિલ્લામાં ગઈ કાલે એસ.ટી.ની બસોની તોડફોડ, આગજની અને પથ્થરમારો કરવા બદલ ૪૯ આંદોલનકારીઓની ધરપકડ કરી હતી. બીડ જિલ્લામાં કરફ્યુ લાદવામાં આવ્યા બાદ આજે પરિસ્થિતિ કાબૂમાં છે એવો પોલીસે દાવો કર્યો હતો.

બિડ જિલ્લાના માજલગાંવમાં એનસીપી (અજીત પવાર)ના વિધાનસભ્ય પ્રકાશ સોલંકેના બંગલાને આગ ચાંપવામાં આવી હતી. ત્યાર બાદ આંદોલનકારીઓએ માજલગાંવ મ્યુનિસિપલ કાઉન્સિલની ઓફિસમાં ભાંગફોડ કર્યા બાદ આગ લગાડી દીધી હતી. ઉપરાંત એનસીપી એમએલએ સંદીપ ક્ષીરસાગર અને ભૂતપૂર્વ પ્રધાન જયદત્ત ક્ષીરસાગરના ઘર પણ સળગાવ્યા હતા. આ કાર્યકરોનું ટોળું એનસીપીના નેતા અમરસિંહ પંડિતના નિવાસસ્થાનને નિશાન બનાવવા પહોંચ્યું ત્યારે પોલીસે ટીયર-ગેસ છોડીને તેમને ભગાડી મૂક્યા હતા.

છત્રપતિ સંભાજી નગર (ઔરંગાબાદ)માં ભાજપના વિધાનસભ્ય પ્રકાશ બામ્બની ઓફિસ પર હલ્લો કરી તોડફોડ કરવા બદલ પોલીસે કેટલાય આંદોલનકારીઓ સામે ઈન્ડિયન પિનલ કોડની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. આમાંથી સાત ઓળખાયા છે અને દસથી પંદર વણઓળખાયેલા છે. આ બધાની સામે ગુનાહિત ઈરાદે કાવતરુ રચવાનો, ઈજા પહોંચાડવાના આશયથી ઘરમાં ઘૂસણખોરી, તોફાન મચાવી નુકસાન કરવાનો, ગેરકાયદેસર ભેગા થઈને હુમલો કરવાના આરોપસર એફઆઈઆર નોંધવામાં આવ્યો છે.

મરાઠા આરક્ષણ આંદોલનની અસર પાડોશી કર્ણાટકને પણ થઈ છે. ગઈ કાલે મહારાષ્ટ્રના ઓમેરગામાં આંદોલનકારીઓએ કર્ણાટક સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ સળગાવી દીધા બાદ કર્ણાટકે જ્યાં સુધી શાંતિ ન સ્થપાય ત્યાં સુધી મહારાષ્ટ્ર માટેની બસસેવા બંધ કરી દીધી છે.ગઈ કાલે કર્ણાટક એસટીની બસ બીદરથી પુણે જતી હતી ત્યારે ઓમરેગા ગામે આંદોલનકારીઓએ બસને આંતરી હતી અને બધા જ પ્રવાસીઓને નીચે ઉતાર્યા બાદ બસ સળગાવી દીધી હતી. એટલે આંતરરાજ્ય બસ-સેવા સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.મરાઠા આરક્ષણની માગણીના ટેકામાં મરાઠા ક્રાંતિ મોર્ચાના કાર્યકરોએ આજે સોલાપુરમાં રેલ-રોકો આંદોલન કર્યું હતું. હાથમાં ભગવા ઝંડા સાથે કાર્યકરો ટ્રેક રોકીને બેસી ગયા હતા. જ્યારે સોલાપુરના રસ્તા પર ટાયરો સળગાવવામાં આવ્યા હતા. પોલીસે બે આંદોલનકારીઓની અટકાયત કરી હતી. અને અન્ય આંદોલનકારીઓને પાટા પરથી હાંકી કાઢયા હતા.

## નવ લોકોને કાર નીચે કચડી નાંખનાર આરોપી તથ્ય પટેલના પિતા પ્રજ્ઞેશ પટેલના જામીન હાઈકોર્ટેથી મંજૂર

અમદાવાદ,

અમદાવાદના ચકચારી ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં મોટા અપડેટ સામે આવ્યા છે. આરોપી તથ્ય પટેલના પિતા પ્રજ્ઞેશ પટેલના જામીન હાઈકોર્ટેથી મંજૂર થયા છે. પ્રજ્ઞેશ પટેલે અગાઉ કેન્સરની સારવાર માટે સેશન્સ કોર્ટ અને હાઈકોર્ટમાંથી પણ જામીન માંગ્યા હતા. ત્યારે આજે ગુજરાત હાઈકોર્ટે જામીન અરજી પર સુનાવણી થતા પ્રગ્નેશ પટેલના શરતી જામીન મળ્યા છે.



અમદાવાદના ઈસ્કોન બ્રિજ પર અકસ્માત સર્જી ૯ લોકોના ભોગ લેનાર તથ્ય પટેલ અને તેના પિતા પ્રજ્ઞેશ પટેલ અમદાવાદની સાબરમતી જેલમાં બંધ છે. તથ્ય પટેલના પિતા પ્રજ્ઞેશ પટેલે મેડિકલના આધારે કોર્ટમાં જામીન અરજી કરી હતી. અમદાવાદ જિલ્લા કોર્ટે પ્રજ્ઞેશ પટેલની જામીન અરજી નામંજૂર કરી હતી. નોંધનીય છે કે પ્રજ્ઞેશ પટેલે કેન્સરની સારવાર કરાવવા માટે જામીન અરજી કરી હતી. ત્યારબાદ મૃતકના પરિવારજનોના વકીલ દ્વારા વાંધા અરજી દાખલ કરવામાં આવી હતી. આ પહેલાની સુનાવણીમાં સરકારી વકીલે પણ જામીન ન આપવા કોર્ટને જણાવ્યું હતું.

પ્રગ્નેશ પટેલનાની મેડિકલ ગ્રાઉન્ડ પર કરેલી વચગાળાની જામીન અરજી પર સુનવણી થઈ હતી. આરોપીના વકીલે કોર્ટમાં મોઢાના કેન્સલની સારવાર માટે વચગાળાની રાહત આપવા રજુઆત કરી હતી. પરંતુ બીજી તરફ, કોર્ટે પ્રગ્નેશ પટેલના વકીલને ટકોર કરતા કહ્યું કે, આ વિશે અગાઉ જાણ કેમ ના કરી. મેડિકલ ડોક્યુમેન્ટ સાથે આવો. જેના બાદ મેડિકલ ડોક્યુમેન્ટ સાથે રજુઆત કરવા કોર્ટે આદેશ કર્યો હતો.

સરકારી વકીલે કોર્ટમાં રજૂઆત કરી હતી કે, જો આરોપી જામીન મુક્ત થશે તો ફરીથી ગુનો કરશે. ગુનાહિત આરોપીને ટેવ હોવાથી જામીન ન આપી શકાય. આવી ગંભીર રજુઆત હોવા છતાં અગાઉ જાણ કેમ ના કરી. પાછળના કેટલાક સમયથી પ્રજ્ઞેશની ટ્રીટમેન્ટ થઈ નથી. પ્રજ્ઞેશ પટેલ ગુનાહિત માનસિકતા ધરાવે છે. આવી ગંભીર બીમારી વિશે પ્રજ્ઞેશે અગાઉ જણાવ્યું નથી. તેને લોકો સાથે ઝઘડો કરીને ગાળો બોલી છે. જો પ્રજ્ઞેશને જામીન મળશે તો તે પુરાવા અને સાક્ષીઓ સાથે ચેડા કરી શકે છે.

કોર્ટમાં સરકારે એફિડેવિટ ફાઈલ કરી તથ્યના જામીનનો વિરોધ કર્યો છે. સરકારી વકીલે કહ્યું કે કેસ સેશન્સ કમિટ થઈ ગયો છે અને ૨૪ ઓગસ્ટે આરોપીને કોર્ટમાં રજૂ કરવાનો છે. આરોપી તથ્ય સામે આ અકસ્માતના કેસ સિવાય અન્ય બે ગુનાઓ પણ છે. તથ્ય પર ૯ લોકોના મોતનો ગંભીર ગુનો છે. તો તેના પિતા પ્રજ્ઞેશ પર ૧૦ કેસો છે. આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તથ્ય વારંવાર અકસ્માત સર્જે છે. જો તેને જામીન આપવામાં આવે તો આવા ગુના ફરી કરી શકે છે.

### મોદી-શેખ હસીનાએ ત્રણ પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન કર્યું

## બંને દેશો વચ્ચે મિત્રતાના બંધનને મજબૂત કરવા માટે હું આભાર વ્યક્ત કરું છું : હસીના

નવીદિલ્હી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશના વડા પ્રધાન શેખ હસીનાએ સંયુક્તપણે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ત્રણ વિકાસ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના ત્રણ વિકાસ પ્રોજેક્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે બોલતા પીએમ શેખ હસીનાએ કહ્યું, "...અમારા બંને દેશો વચ્ચે મિત્રતાના બંધનને મજબૂત કરવા માટે તમારી પ્રતિબદ્ધતા બદલ હું આભાર વ્યક્ત કરું છું."



તે જ સમયે, વડાપ્રધાન મોદીએ કહ્યું, "આ આનંદની વાત છે કે ભારત-બાંગ્લાદેશ સહયોગની સફળતાની ઉજવણી કરવા માટે અમે ફરી એકવાર એકસાથે આવ્યા છીએ. અમારા સંબંધો સતત નવી ઊંચાઈઓને સ્પર્શી રહ્યા છે. અમે સાથે મળીને જે કામ કર્યું છે. છેલ્લા ૯ વર્ષ હા, આ પહેલાના દાયકાઓમાં પણ આવું બન્યું ન હતું."

આ ત્રણેય પ્રોજેક્ટ ભારતના સહયોગથી અમલમાં મુકાયા છે. તેમાં અખૌરા-અગરતલા ક્રોસ-બોર્ડર રેલ લિંક, ખુલના-મોંગલા પોર્ટ રેલ લાઈન અને મૈત્રી સુપર થર્મલ પાવર પ્લાન્ટ પ્રોજેક્ટના યુનિટ-૨નો સમાવેશ થાય છે. અખૌરા-અગરતલા ક્રોસ-બોર્ડર રેલ લિંક પ્રોજેક્ટ ભારત સરકાર દ્વારા બાંગ્લાદેશને આપવામાં આવેલી રૂ. ૩૯૨.૫૨ કરોડની અનુદાન હેઠળ અમલમાં મૂકવામાં આવ્યો છે. પીએમઓના નિવેદનમાં જણાવાયું છે કે, બાંગ્લાદેશમાં ૬.૭૮ કિમી ડ્યુઅલ ગેજ રેલ લાઈન અને ત્રિપુરામાં ૫.૪૬ કિમી સાથે રેલ લિંકની લંબાઈ ૧૨.૨૪ કિમી છે.


ખુલના-મોંગલા પોર્ટ રેલ લાઈન પ્રોજેક્ટ ભારત સરકારની રાહત ધિરાણ સુવિધા હેઠળ વિકસાવવામાં આવ્યો છે જેની કુલ પ્રોજેક્ટ કિંમત US$388.3 મિલિયન છે. આ પ્રોજેક્ટમાં મોંગલા પોર્ટ અને ખુલનામાં હાલના રેલ નેટવર્ક વચ્ચે લગભગ ૬૫ કિમીના બ્રોડગેજ રેલ માર્ગનું નિર્માણ સામેલ છે. આ સાથે બાંગ્લાદેશનું બીજું સૌથી મોટું બંદર મોંગલા બ્રોડગેજ રેલ્વે નેટવર્ક સાથે જોડાયેલું છે.

૧૫ કિમી લાંબી અગરતલા-અખૌરા ક્રોસ બોર્ડર રેલ લિંક (ભારતમાં ૫ કિમી અને બાંગ્લાદેશમાં ૧૦ કિમી) ક્રોસ બોર્ડર વેપારને વેગ આપશે અને અગરતલાથી કોલકાતા વાયા ઢાકા સુધીની મુસાફરીનો સમય પણ ઘટાડશે. હાલમાં, ટ્રેનને અગરતલાથી કોલકાતા પહોંચવામાં ૩૧ કલાક લાગે છે, જે આ પ્રોજેક્ટ શરૂ થયા બાદ ઘટીને ૨૧ કલાક થઈ જશે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અચાનક દિલ્હી પ્રવાસે ઉપડ્યાં

ગાંધીનગર,

હજી બે દિવસ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે હતા. જેમાં ગુજરાતના મુખ્યમંત્રીને મળ્યા હતા. ત્યારે આ વચ્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને અચાનક દિલ્હીથી બુલાવો આવ્યો છે. દિલ્હી દરબારથી બુલાવો આવતા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દિલ્હી પહોંચ્યા છે. PM મોદીની બે દિવસીય ગુજરાત મુલાકાત બાદ મુખ્યંમત્રીનો દિલ્હી પ્રવાસ અનેક ચર્ચા ઉભી કરે છે. મુખ્યમંત્રી હાલ દિલ્હીના ગરવી ગુજરાત ભવનમાં પહોંચ્યા છે. પરંતુ મુખ્યમંત્રીની દિલ્હી મુલાકાતનું કોઈ ચોક્કસ કારણ સામે આવ્યું નથી.



ગુજરાતમાં લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે. આ વચ્ચે ગુજરાત ભાજપમાં આંતરિક રાજકારણ સપાટી પર આવ્યું છે. ગુજરાતના નેતાઓની દિલ્હી સતત આવનજાવન થતી રહે છે. પરંતુ હજી પ્રધાનમંત્રી બે દિવસના ગુજરાત પ્રવાસ બાદ ગઈકાલે જ દિલ્હી જવા રવાના થયા છે. તેમણે આ પ્રવાસમાં રાજભવનમાં કેટલીક ગુપ્ત બેઠકો કરી હતી. પરંતુ તેમના દિલ્હી ગયા બાદ બીજા જ દિવસે મુખ્યમંત્રીને દિલ્હીથી બુલાવો આવવો એ અનેક પ્રશ્નો ઉભા કરે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને દિલ્હીથી તેડું આવ્યાની ચર્ચાએ જોર પકડ્યું છે. સાથે જ આ વખતે સીઆર પાટીલને દિલ્હીથી કોઈ બુલાવો આવ્યો નથી. મુખ્યમંત્રી એકલા જ દિલ્હી દરબારમાં પહોંચ્યા છે. તો આ પાછળ ભાજપની કઈ રાજકીય ચાલ હશે તે તો સમય આવ્યે જ ખબર પડશે.

## દિવાળી પહેલા સોનાના ભાવમાં જોવા મળ્યો મોટો ઘટાડો

અમદાવાદ,

કિંમતી ધાતુ સોના અને ચાંદીમાં કડાકાનો માહોલ જોવા મળી રહ્યો છે. આજે શરાફા બજારમાં સોનાના ભાવમાં જબરદસ્ત ઘટાડો જોવા મળ્યો છે. ચાંદીમાં પણ મંદી જોવા મળી રહી છે. જો તમે પણ સોનું અને ચાંદી લેવાનું વિચારતા હોવ તો લેટેસ્ટ ભાવ ખાસ જાણી લેજો.

ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની અધિકૃત વેબસાઈટ મુજબ ૯૯૯ પ્યોરિટીવાળું ૧૦ ગ્રામ સોનું ૪૭૪ રૂપિયા તૂટીને હાલ ૬૦૮૯૬ રૂપિયાની સપાટીએ જોવા મળી રહ્યું છે. જ્યારે ૯૧૬ પ્યોરિટીવાળું સોનું ૪૩૪ રૂપિયા તૂટીને હાલ ૫૫૭૮૧ રૂપિયાના સ્તરે છે. ચાંદીની વાત કરીએ તો હાલ ચાંદી પણ ૧૩૪૦ રૂપિયા તૂટીને પ્રતિ કિલો ૭૦૮૨૫ રૂપિયાની સપાટીએ જોવા મળે છે.

આઈબીજેએ તરફથી અને કેન્દ્રીય સરકાર દ્વારા જાહેર રજાઓ ઉપરાંત શનિવાર અને રવિવારે રેટ જાહેર કરાતા નથી. ૨૨ કેરેટ અને ૧૮ કેરેટ ગોલ્ડ જ્વેલરીના રિટેલ ભાવ જાણવા માટે ૮૯૫૫૬૬૪૪૩૩ પર મિસ્ડ કોલ કરી શકો છો. થોડીવારમાં તમને એસએમએસ દ્વારા રેટ્સ મળી જશે.

સોનાના ભાવ ઘણું ઘરું બજારમાં સોનાની ડિમાન્ડ અને સપ્લાયના આધારે નક્કી થાય છે. સોનાની માંગણી વધશે તો રેટ પણ વધશે. ગોલ્ડનો સપ્લાય વધશે તો ભાવ ઘટશે. સોનાની કિંમત વૈશ્વિક આર્થિક સ્થિતિઓથી પણ પ્રભાવિત થાય છે. દાખલા તરીકે જો ઈન્ટરનેશનલ ઈકોનોમી ખરાબ પ્રદર્શન કરી રહી છે તો રોકાણકારો સુરક્ષિત રોકાણના વિકલ્પ તરીકે ગોલ્ડમાં રોકાણ કરશે. તેનાથી સોનાની કિંમત વધી જશે.

## ચૂંટણી પંચે વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને એક્ઝિટ પોલના આયોજન અને તેના પ્રસારણ પર પ્રતિબંધ મૂક્યો

નવીદિલ્હી,

ચૂંટણી પંચે વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય ૭ થી ૩૦ નવેમ્બર સુધી કોઈપણ પ્રકારના એક્ઝિટ પોલના આયોજન અને તેના પ્રસારણ પર પ્રતિબંધ મૂક્યો છે. કમિશને આ અંગે નોટિફિકેશન જાહેર કર્યું છે. ચૂંટણી પંચે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની જોગવાઈઓ હેઠળ, ૭ થી ૩૦ નવેમ્બર સુધી એક્ઝિટ પોલના આયોજન અને પ્રસારણ પર પ્રતિબંધ મૂક્યો છે. પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ૭ નવેમ્બરના રોજ સવારે ૭ વાગ્યાથી ૩૦ નવેમ્બરના રોજ સાંજે ૬.૩૦ વાગ્યા સુધીનો સમયગાળાને એક્ઝિટ પોલનું આયોજન કરવા અને પ્રસારિત કરવા માટે પ્રતિબંધિત સમય તરીકે જાહેર કર્યો છે. વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ સમયગાળા દરમિયાન, કોઈપણ પ્રકારના પરિણામોના પ્રકાશન, પ્રચાર અથવા અન્ય પ્રસાર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ચૂંટણીપંચે નોટિફિકેશનમાં જણાવ્યું છે કે, મતદાન સમાપ્ત થયાના ૪૮ કલાકની અંદર પણ કોઈપણ ઓપિનિયન પોલ અથવા અન્ય મતદાન સર્વેક્ષણના પરિણામો દર્શાવવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. છત્તીસગઢમાં ૭ અને ૧૭ નવેમ્બરના રોજ બે ચરણોમાં મતદાન થશે. રાજ્યમાં ૯ ઓકટોબરના રોજ આદર્શ આચારસંહિતા લાગુ કરવામાં આવી છે. આચારસંહિતા લાગુ થયા પછી રાજ્યમાંથી ૩૮.૩૪ કરોડ રૂપિયાથી વધુની રોકડ રકમ, શરાબ તથા અન્ય કિંમતી સામાન જપ્ત કરવામાં આવ્યો છે.

## નવેમ્બર મહિનામાં દેશમાં વરસાદ સરેરાશના ૭૭થી ૧૨૩ ટકા સુધી રહેશે

નવીદિલ્હી,

દેશના મોટા ભાગના વિસ્તારોમાં નવેમ્બર મહિનામાં સામાન્ય કરતાં વધુ ગરમી પડશે. બીજી તરફ અલ નીનો કન્ડિશનને કારણે નૉર્થ-વેસ્ટ અને વેસ્ટ સેન્ટ્રલ રીજનમાં વરસાદ પડવાની શક્યતા છે. ઈન્ડિયા મિટિયરોલૉજિકલ ડિપાર્ટમેન્ટ (આઈએમડી)ના ડિરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું હતું કે નવેમ્બર મહિનામાં દેશમાં વરસાદ સરેરાશના ૭૭થી ૧૨૩ ટકા સુધીનો રહેશે.

પૅસિફિક મહાસાગર અને ભારતીય મહાસાગરમાં અલ નીનોની સ્થિતિ પ્રવર્તી રહી છે, જેની અસર આ સીઝનમાં રહેશે. જોકે આગામી મહિનામાં એ નબળું પડી જશે. આગામી ચોમાસાની સીઝન સુધી અલ નીનોની સ્થિતિ સરખી નહીં રહે. અલ નીનોમાં સાઉથ અમેરિકા નજીક પૅસિફિક મહાસાગરમાં સમુદ્રનું પાણી ગરમ થાય તો ભારતમાં ચોમાસું નબળું રહે છે તેમ જ પરિસ્થિતિ સુસ્ત રહે છે. વળી હિન્દ મહાસાગરના પશ્ચિમ ભાગના આફ્રિકા અને પૂર્વ ભાગના ઈન્ડોનેશિયાના પાણીના ઉપરના સ્તરના તાપમાનમાં જો ફેરબદલ હોય તો આ ઘટનાને ઈન્ડિયન ઓશન ડિપોલ તરીકે ઓળખવામાં આવે છે. આ બન્ને સ્થિતિ હાલ છે. તેથી નવેમ્બર મહિનો ગરમ રહે એવી શક્યતા છે.

## ૭૮૦૦ કરોડના સટ્ટાબેટિંગ કૌભાંડમાં ચાર મોટા બુકીઓની ધરપકડ, ચોંકાવનારા ઘટસ્ફોટ થશે!

સુરત,

ક્રિકેટ વિશ્વ કપ ટુર્નામેન્ટ દરમિયાન સુરત પોલીસે સટ્ટાકાંડમાં મોટો પર્દાફાશ કર્યો છે. આર્થિક ગુના નિવારણ શાખાએ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતાં બુકીઓ દ્વારા ડમી અને ફેક એકાઉન્ટ દ્વારા કરાયેલા ૭૮૦૦ કરોડના ટ્રાન્ઝેક્શનને ઝડપી પાડ્યું છે. એક વર્ષ અગાઉ ડીંડોલીમાં દરોડો પાડી સટ્ટાબેટિંગ અને હવાલા નેટવર્ક અંગે મોટા ઘટસ્ફોટ કરાતાં આ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા પણ તપાસ શરૂ કરાઈ હતી.

આ કેસમાં ઈકો સેલે એક વર્ષ બાદ હાઈપ્રોફાઈલ બુકીઓની ધરપકડ કરી ખૂબ જ ગુપ્ત રીતે ઓપરેશન પાર પાડયું છે.સુરત પોલીસની આર્થિક ગુના નિવારણ શાખાના એસીપી વી. કે. પરમાર ના માર્ગદર્શન હેઠળ ઈન્સ્પેક્ટર અશરફ બલોચની ટીમે તાજેતરમાં ડીંડોલીના રાજમહેલ મોલમાં દરોડો પાડી સટ્ટાબેટિંગનું રેકેટ ઝડપી પાડ્યું હતું. કૌભાંડમાં હરીશ જરીવાલા, ઋષિકેશ શિંદે, હુઝૈફા કૌશર મકાસરવાળા તેમજ રાજ દિનેશ શાહની ધરપકડ કરી અલગ અલગ ૮ બેંકોની પાસબુક, ૭૫ સીમકાર્ડ, ૩૦ અલગ અલગ વ્યક્તિઓના આધારકાર્ડ, ૫૩ ડેબિટ કાર્ડ, ૨૫ અલગ અલગ ફર્મના સિક્કા અને લેપટ હેડ વિગેરે દસ્તાવેજો કબજે લેવાયા હતાં. દસ્તાવેજોની ચકાસણીમાં મોટો ઘટસ્ફોટ થયો છે. ડોક્યુમેન્ટ દ્વારા સટોડિયાઓ ૨૬૦ બેંક એકાઉન્ટ ઓપરેટ કરતા હોવાનું ખુલ્યું હતું. જે ખાતા ડમી એટલે કે ફેક આઈડીથી ખોલાયેલા અને ત્રાહિત વ્યક્તિઓ મારફત ઓપરેટ કરાતાં હતાં. આ એકાઉન્ટની તપાસમાં પોલીસને ૭૮૦૦ કરોડના વ્યવહારો મળ્યા હતાં. ઈકો સેલે બીજું નોંધપાત્ર પગલું ભરતાં આ ડમી એકાઉન્ટમાં જમા ૩.૦૪ કરોડ રૂપિયા ફ્રીઝ કરાવ્યા હતાં. આ રેકેટનો પર્દાફાશ થતાં જ કેન્દ્રીય રેવન્યૂ એજન્સી દોડતી થઈ ગઈ હતી. ખાસ કરીને ઈડી દ્વારા આ તપાસની માહિતી માંગવામાં આવી હતી. પોલીસે આપેલા પ્રાથમિક રિપોર્ટ બાદ ઈડીના અધિકારીઓ સુરત દોડી આવ્યા અને ફાઈનાન્સિયલ ટ્રાન્ઝેક્શનની પેટર્ન અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી. બુકીઓ દ્વારા બેંકિંગ સિસ્ટમ થકી જ જે રીતે નાણાકીય હેરાફેરી કરાઈ મોડ્સ ઓપરેન્ડી જાણીને તેઓ ચોંકી ઉઠ્યા હતાં. ઈડીના અધિકારીઓએ પણ આ કૌભાંડમાં તપાસ આરંભી હતી. ઈડી દ્વારા પણ આ સટ્ટાખોરોની મિલકતો ટાંચમા લેવામાં આવી હતી.આ કેસમાં આર્થિક ગુના નિવારણ શાખાએ ચાર્જશીટ પણ કર્યું હતું, વોન્ટેડ બુકીઓ પૈકી બહુચર્ચિત દિનું રત્ના ભરવાડ ઉર્ફે દિનેશ ખંભાતી, હુસૈન કૌસર મકાસરવાળા, ચિરાગ સુરેશ પટેલ, સાગર લલીત કાવાની ધરપકડ કરાઈ હતી. આ તમામ સામે ૨૭ જુલાઈ ૨૦૨૩ના રોજ ચાર્જશીટ કરાઈ હતી. હવે આ કેસમાં આગળ વધતા બકુલભાઈ કિર્તીલાલ શાહ ( રહે. ક્રિષ એપાર્ટમેન્ટ, રાજહંસ થીયેટરની પાછળ, સુરત. મુળ રહે.નવા ડીસા,ચંદ્રલોક સોસાયટી કોલેજ રોડ તા. ડીસા, જી.બનાસકાંઠા (૨) હર્ષ કમલેશભાઈ શાહ (રહે,અંકુર એપાર્ટમેન્ટ, કૈલાશનગર, મજુરાગેટ રોડ, મજુરા સુરત શહેર મૂળ રહે ચંદીસર તા.પાલનપુર જી.બનાસકાઠા (૩) પાર્થ શૈલેષભાઈ જોષી (રહે. વાડી, આદિપુર, ગાંધીધામ જી. કચ્છ મુળ રહે, બિલખા, વિસાવદર જીનાગઢ (૪) આકાશ પ્રવિણચંદ્ર પારેખ (રહે, ભાગ્યરત્ન હાઈટ્સ, નીઅર નીશાલ આર્કેડ, પાલ, સુરત શહેર મુળ રહે. વાવ જી.બનાસકાંઠા) ની ૨૮/૧૦/૨૦૨૩મી તારીખે રાતે ધરપકડ કરી છે.

આ રેકેટમાં હાઈપ્રોફાઈલ બુકી એવા દિનેશ ખંભાતીને પકડવામાં ઈકો સેલ સફળ રહી હતી. આ કેસમાં એક વર્ષ બાદ ઝડપાયેલો હર્ષ શાહ અને આકાશ પારેખ બંને સટ્ટાબેટિંગ કૌભાંડના મોટા માથા કહેવાય છે.આરોપીઓના રાજકીય વર્ચસ્વ ધરાવતા લોકો સાથે સાંઠગાંઠના આરોપો પણ સામે આવ્યા હતા. મહત્વની ધરપકડોની વિગતો પણ જાહેર કરાઈ ન હતી.

સટ્ટા બેટિંગમાં ૭૮૦૦ કરોડના આર્થિક વ્યવહારોનો ઈકો સેલ દ્વારા પર્દાફાશ કરવા સાથે જે મોટા માથાઓને વોન્ટેડ જાહેર કર્યા એમાં કચ્છ ગાંધીધામના અમિત મજીઠીયા, રાજકોટના રાકેશ રાજદેવ ઉર્ફે આર.આર. રાધનપુરના હરેશ ચૌધરી, આકાશ, ખંભાતનો દિનુ ભરવાડ ઉર્ફે દિનેશ ખંભાતી, છત્તીસગઢનો સુભાષ ચંદ્રાકર ઉર્ફે મહાદેવ, નવીન ચૌધરી બનાસકાંઠા, અજયસિંહ વાઘેલા પાટણ, દિલીપ હેમરાજ ચૌધરી પાટણ, ચેતન ચૌધરી હારીજ પાટણ તથા સુરતમાં મોટું કામ ધરાવતો રાધનપુર પીપળીનો હાર્દિક નવીનચંદ્ર મહેતા, હર્ષ શાહ, વડોદરા ભાયલીનો ચિરાગ સુરેશ પટેલ, લીલત કાવા વિગેરે છે.

અભિનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
બી. ડી. બારીઆ
તરફથી અભિનંદન....
મુ. આગરવાડા,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

અભિનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
એન. એ. રાઠોડ
તરફથી અભિનંદન....
મુ. આગરવાડા,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જીલ્લા નિવૃત્ત શિક્ષક સન્માન સમારોહ ક્રિસ્ટલ સાયન્સ સ્કુલ લુણાવાડા ખાતે શિક્ષણ મંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો

- શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડિંડોરની પ્રેરક ઉપસ્થિતિમાં શિક્ષકોનું સન્માન કરાયું.
- મહીસાગર જીલ્લામાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાના ૧૮૮ વયનીવૃત શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું.
- શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડિંડોરનાં હસ્તે દિવાળી આવી સાક્ષરતા લાવી અને મહિમંથન મહીસાગર યુ ટ્યુબ ચેનલનો શુભારંભ કરવામાં આવ્યો હતો.



મહીસાગર,

મહીસાગર જીલ્લા નિવૃત્ત શિક્ષક સન્માન સમારોહ ક્રિસ્ટલ સાયન્સ સ્કુલ લુણાવાડા ખાતે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર અને ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે જીલ્લાના શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરતા શિક્ષકોનું સન્માન, વેંકેશનનાં વ્હાલા બાળકો કાર્યક્રમમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર શાળાઓનું સન્માન, એસ એસ સી અને એચ એસ સી માં ૧૦૦% પરિણામ મેળવનાર શાળાઓનું સન્માન અને વિશિષ્ટ સિદ્ધિ મેળવેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડિંડોર અને ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે જીલ્લા વિકાસ અધિકારીની પ્રેરણાથી દિવાળી આવી સાક્ષરતા લાવી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો અને મહિમથન મહીસાગર યુ ટ્યુબ ચેનલ નો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરએ જણાવ્યું હતું કે, શિક્ષકો વ્યકિત નિર્માણ, પરિવાર નિર્માણ, સમાજ નિર્માણ અને રાષ્ટ્ર નિર્માણનું ભગીરથ કાર્ય કરી સમાજની સેવા કરી રહ્યા છે. શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મે પલતે હે હકીકતમાં આ સૂત્ર કામ કરીને સાર્થક કરવાનું છે. શિક્ષકોમાં અદભૂત કલા છે તેઓ બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિને બહાર લાવી શકે છે. માનવ નિર્માણનું કાર્ય શિક્ષક કરે છે. જન્મ માટે પિતાને આભારી છે, ત્યારે જીવન શિક્ષકને આભારી છે.

નવી શિક્ષણ નીતિનો ઉલ્લેખ કરતા મંત્રીએ જણાવ્યું કે, નવી શિક્ષણ નીતિ સ્કીલ બેઈઝ હશે. સાથે અતિથિ દેવો ભવ, માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ અને ગુરૂદેવો ભવની પ્રણાલી પણ નવી શિક્ષણ નીતિમાં છે. યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની રાહબરી હેઠળ ભારત મહાસત્તા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે ભારતને પુનઃ દિવ્ય બનાવવાનું કામ શિક્ષકોનું છે. બાળકોના ઉત્થાન માટે સવિશેષ કામગીરી કરનાર સન્માનિત શિક્ષકો અભિનંદનને પાત્ર છે. જે શાળાઓ ૧૦૦ ટકા પરિણામ લાવી તે શાળા પાસેથી અન્ય શાળાઓએ બોધપાઠ લઈને પોતાની શાળાઓની પ્રગતિ કરવી જોઈએ. એ જ રીતે જે શિક્ષકોએ સિધ્ધિ મેળવી છે, તેમણે જીલ્લા પુરતુ સીમિત રહેવાનુ નથી. રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષા સુધી પહોંચવાનું છે. આપણા વિદ્યાર્થીઓ જીલ્લા અને રાજ્યકક્ષાએ રેંકીગમાં આવે તેવા પ્રયાસ કરવાના છે. વડાપ્રધાનના ડિજીટલ ઈન્ડિયાના વિઝનને સાકાર કરવા માટે શિક્ષણ પણ ડિજીટલ થઈ રહ્યું છે.

આ પ્રસંગે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અવનીબા મોરીએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલ, સમગ્ર શિક્ષા સચિવ એમ.પી. મેહતા, મહીસાગર કલેક્ટર ભાવિન પંડ્યા, જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલ, લુણાવાડા ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ, જીલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન પીનાકિંનભાઈ શુક્લ, સંતરામપુર ડાયટ પ્રાચાર્ય કે.ટી.પોરાણીયા સહિત મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન દ્વારા મહિલાઓ માટે કૌશલ્ય વર્ધનની તાલીમ યોજાઈ



મહીસાગર,

બેંક ઓફ બરોડા દ્વારા પ્રાયોજીત બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન (RSETI), મહીસાગર જીલ્લાના લુણાવાડા ખાતે ૩૫ બહેનોને આત્મનિર્ભર થવા માટે ૬ દિવસની ફિનાઈલ અને સાબુ, પાવડર બનાવવાની તાલીમ વિનામૂલ્યે આપીને એમને સર્ટિફિકેટનું વિતરણ કરીને પ્રોત્સાહન પુરૂ પાડ્યું. આ કાર્યક્રમમાં જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી માંથી ,ઈ ઈ સકુંતલાબેન અને માસ્ટર ટ્રેનર નિશાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના નિયામક વિશાલ અગ્રવાલ માર્ગદર્શન પૂરૂં પાડીને પ્રોત્સાહિત કર્યા. ભવિષ્યમાં મહીસાગર જીલ્લાના ૧૮ થી ૪૫ વર્ષના ભાઈઓ માટે જેમાં CCTV Camera, Photography and videography, Computer Accounting નિઃશુલ્ક તાલીમ પૂરી પાડવામાં આવશે આ તાલીમ કાર્યક્રમ ટુક સમયમાં શરૂ થવાની હોવાથી જે કોઈ ઈચ્છુક ઉમેદવારે લુણાવાડા ખાતે S.K.High Schoolની પાછડ ચરેલ રોડ સંસ્થાનો સમ્પર્ક કરવો. તેમ સંસ્થાના નિયામક વિશાલ અગ્રવાલે જણાવ્યું હતું.

## સંતરામપુર તાલુકાની ગ્રામ પંચાયતોમાં વીસી ૨૪,૦૦૦ રૂપિયા ડીફરન્સ તહેવાર પહેલા ચૂકવવા માટે તાલુકા પ્રમુખને રજૂઆત



સંતરામપુર,

સંતરામપુર તાલુકાની ગ્રામ પંચાયતોમાં ૪૦ જેટલા વીસી કામગીરી નિભાવતા હોય છે. આવકના દાખલા અને વિવિધ પ્રકારની કામગીરી કોમ્પ્યુટર પર કરતા હોય છે અને આ વીસીને કમિશન આપવામાં આવતું હોય છે, પરંતુ ૧૫ માં નાણાપંચની ૧૦% રકમ અને રાઈટર ગ્રાન્ટ માંથી તા. ૨૩/૨/૨૦૨૩ ના રોજ તાલુકા વિકાસ અધિકારી દ્વારા પરિપત્ર કરવામાં આવેલ હતું કે ૨૪ હજાર રૂપિયા રકમ દરેક વીસીને ચૂકવવાની રહેશે. પરંતુ આજે નવ મહિના પૂર્ણ થયા છતાં આ પરિપત્રોને આજ દિન સુધી અમલમાં લેવામાં આવેલો નથી. જેના કારણે દિવાળીના અગાઉની તહેવારમાં તહેવાર પહેલા જ અમને રકમ ચૂકવવામાં આવે તો જેથી કરીને અમારા પરિવાર સાથે દિવાળીનો તહેવાર ઉજવણી કરી શકાય તેના અનુલક્ષી લઈને તાલુકા પંચાયત કચેરીમાં તાલુકા પ્રમુખની લેખિતમાં તમામ વીસીએ રજૂઆત કરી હતી.

## મહિસાગર જીલ્લાના ૧૬ યુવાનો અમૃત કળશ યાત્રાના સમાપનમાં હાજરી આપી




તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,

દિલ્હી ખાતે ‘‘મેરી મીટી; મેરા દેશ’’ કાર્યક્રમ અંતર્ગત અમૃત કળશ યાત્રા દરમિયાન મહીસાગર જીલ્લાની માટીને ગુજરાત થી દિલ્હી સમર્પિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. મહિસાગર જીલ્લા ભાજપ યુવા મોરચાના મહામંત્રી જયદેવસિંહ સોલંકીની આગેવાનીમાં મહિસાગર જીલ્લાના ૧૬ યુવાનો દિલ્હી ખાતે અમૃત કળશ યાત્રાના સમાપનમા હાજર રહી જીલ્લાનું પ્રતિનિધિ કર્યું. આ કાર્યક્રમમાં આખા દેશભરના પ્રતિનિધિઓ એ ભાગ લીધો હતો.

## મહિસાગર જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરતા તત્વો સામે તપાસ થવી જરૂરી

લુણાવાડા,

મહિસાગર જિલ્લામાં આગામી સમયમાં દિવાળીનો મહાપર્વ હોય જેને લઈ સમગ્ર જિલ્લામાં ખાણી–પીણીની ચીજવસ્તુઓ મોટા પ્રમાણમાં લોકોએ ખરીદવાની શરૂઆત કરી છે. ત્યારે દિવાળી પુર્વ આસપાસના ગામડાઓમાંથી મોટા પ્રમાણમાં લોકો કરિયાણુ, તેલ–ઘી, ખાણી–પીણીની વસ્તુઓની ખરીદી કરશે. ત્યારે આ બાબતે જિલ્લા પુરવઠા અને ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ બજારમાં ખાણી–પીણીની ચીજવસ્તુઓ ખરીદી શરૂ થઈ હોવા છતાં સુષુપ્ત અવસ્થામાં જોવા મળી રહ્યુ છે ત્યારે વહીવટી તંત્ર દ્વારા આ બાબતે નાના–મોટા વેપારીઓ પર સકંજો કસવામાં આવે તો કેટલાક ભેળસેળિયા વેપારીઓ બહાર આવે શકે તેમ છે. ત્યારે લોકોનુ મનવુ એ પણ છે કે,ભેળસેળિયા ખાદ્ય પદાર્થોની હાલ હાર્ટએટેકનુ પ્રમાણ વધ્યુ છે જેને લઈ આવા તત્વો સામે કાર્યવાહી થવી જોઈએ.

## મહીસાગર જીલ્લામાં દિવ્યાંગ કલ્યાણ પારિતોષિત માટેની અરજીઓ મંગાવામાં આવી

મહીસાગર,

મહીસાગર જીલ્લાના શારીરિક ક્ષતિ ધરાવતા અંધ, બહેરા–મૂંગા, અપંગ તેમજ રક્તપિત તથા મંદબુધ્ધિવાળા કર્મચારીઓ સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યક્તિઓ અને તેમને કામે રાખતા નોકરીદાતાઓ તથા દિવ્યાગોને નોકરીમાં થાળે પાડવા વિશિષ્ટ કામગીરી કરતાં પ્લેસમેન્ટ ઓફિસરોને વર્ષ ૨૦૨૩માં રાષ્ટ્રીય તેમજ ગુજરાત રાજ્યના શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ તરફથી આપવામાં આવનાર માં દિવ્યાંગ પારિતોષિત માટે અરજીઓ મંગાવવામાં આવે છે. અરજીનો નમૂનો ખાતાની વેબસાઈટ www.talimrojgar. gujarat. gov.in પરથી તથા જીલ્લા રોજગાર કચેરી મહીસાગર, સેવાસદન–૨, બીજો માળ. રૂમ ન.૨૨૨/૨૨૩ ખાતેથી વિના મૂલ્યે તા.૩૦/૧૧/૨૦૨૩ સુધીમાં મળી શકશે. અરજી સ્વીકારવાની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૨૩ સુધીમાં કચેરી સમય દરમ્યાન અરજી સ્વીકારવામાં આવશે. વધુ માહિતી માટે કચેરીના હેલ્પલાઈન નંબર– (૦૨૬૭૪) ૨૫૦૩૦૬ પર સંપર્ક કરવો.

## કડાણા સરપંચના મનસ્વી વહીવટને લઈ ગ્રામજનો પરેશાન

કડાણા,

કડાણા તાલુકા મથકે સરપંચના મનસ્વી વહીવટથી લોકો પરેશાન થઈ ગયા છે. કડાણા તાલુકા મથકે ગામના મદય કડાણા સ્ટેટ વખથી બનાવેલો ચબુતરો પણ સરપંચે પુરાતત્વ ખાતાની મંજુરી વગર તોડી પાડેલો છે. કડાણા ગામના મદયે આંગણવાડીમાં હાલ પોતાના મળતિયા કોન્ટ્રાકટર નહિ પણ એસ.ટી.ના રિટાયર્ડ ડ્રાઈવરને આંગણવાડી બનવાનુ કામ આપી મનસ્વી વહીવટ થઈ રહ્યો છે. આ આંગણવાડીમાં કડાણા દવાખાનાના સ્ટાફ કવોટરની પાડી દીધેલી દિવલોની ઈંટો વાપરવામાં આવેલી છે. આ બાબતે ગામના એક જાગૃત નાગરિકે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી આંગણવાડીના નવીન મકાન બિલ નહિ ચુકવવા રજુઆત કરી છે. વધુમાં હાલમાં સરપંચ જે મકાનમાં રહે છે તે પંચમહાલ ડેરીના પૈસાથી બનાવેલ છે. આ જગ્યા સરકારી હોવાથી જે તે વખતે દબાણ દુર કરવા નોટિસ પણ આપેલી છે. વિશેષમાં પોતે સંરક્ષણ દિવાલના નામે અન્ય ઈસમની માલિકની દિવાલ ઉપર બાંધકામ કરી ભ્રષ્ટાચાર કરેલો હોવાનુ જાણવા મળે છે. જિલ્લાના ઉચ્ચ અધિકારી આ સમગ્ર બાબતની તપાસ કરે ત્યારે સાચી હકીકત જાણવા મળે તેમ માંગ ઉઠવા પામી છે.

## લુણાવાડા બસ સ્ટેન્ડ પાછળ કન્ટેનરોમાં ઉભરાતી ગંદકીથી રહિશો પરેશાન

મલેકપુર,

લુણાવાડા નગરમાં સ્વચ્છતા અભિયાન માત્ર કાગળો ઉપર હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. છેલ્લા કેટલાય સમયથી લુણાવાડા નગરપાલિકામાં વહીવટદારનુ શાસન છે. પરંતુ સરકારી તંત્ર નગરની સુખાકારીની કાળજી લેવા સુદ્ધા તૈયાર નથી. અનેક વિસ્તારોમાં ગંદકીના સામ્રાજ્યોએ માઝા મુકી છે.

દેશભરમાં જયારે સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યુ છે ત્યારે મહિસાગર જિલ્લાના વડામથક લુણાવાડામાં મચ્છરજન્ય રોગોએ માથું ઉંચક્યુ હોય તેવી પરિસ્થિતિનુ નિર્માણ થયુ છે. જેમાં પાલિકા તંત્રની બેદરકારી સામે આવી છે. આશ્ચર્યની વાત એ છે કે,નગરના વિવિધ વિસ્તારોમાં કચરો એકત્ર કરવાના કન્ટેનર લાંબા સમયથી નગરના બસ ડેપો પાછળના ભાગમાં પડેલ જોવા મળે છે. જેની આસપાસ કચરા અને ઉકરડાના ઢગલા જોવા મળે છે. જેની કેટલાય દિવસોથી સાફસફાઈ નહિ થતાં આ વિસ્તારમાં ઠેર ઠેર આ કચરો પવનથી ઉડીને તેમજ રખડતા પશુઓ દ્વારા ફેલાતો જોવા મળી રહ્યો છે. આ કન્ટેનર અને અસહ્ય ગંદકીના કારણે આસપાસના રહિશોના આરોગ્યને પણ જોખમ રહેલ છે આ બાબતે અનેક મૌખિક રજુઆતો કરવા છતાં પાલિકા તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.

## ડાકોરથી ઠાસરાના માર્ગ ઉપર પડેલ ખાડાઓમાં મેટલ નાંખી પુરાણ કરાયુ

ડાકોર,

ઠાસરામમાં ખાડાઓના કારણે થોડા દિવસ પહેલા એક વ્યકિતનુ મોત નીપજયું હતુ. ત્યારબાદ તંત્રની ઉંઘ ઉડતાની સાથે જ ડાકોર–ઠાસરા રોડ પર ૨૦૦થી વધુ ખાડાઓને પુરવાની કામગીરી કરવામાં આવી હતી. પરંતુ આ કામગીરીને કારણે અકસ્માતને આમંત્રણ આપવામાં આવ્યુ હોય તેમ લાગ્યુ હતુ.

ડાકોર–ઠાસરા માર્ગે બાબતોના અહેવાલો પ્રસિદ્ધ થતાં રસ્તાની સમસ્યાનો પ્રશ્ન ઉજાગર કરવામાં આવતા જે બાદ નિંદ્રાધિન તંત્ર દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેમાં માર્ગે આવેલ ૨૦૦થી વધુ ખાડાઓમાં ફક્ત મેટલ પાથરીને માલ ભરીને કામગીરી આટોપી લેવામાં આવી હતી. ત્યારે આ પ્રકારની બેદરકારીને કારણે માર્ગ પસાર થતાં વાહનચાલકોમાં અકસ્માતની ભિતી સર્જાઈ હતી. ઉપરાંત ખાડાઓમાં લેવલ ન હોવાના કારણે બાઈક અને ગાડીઓના ટાયર ડગમગી ઉઠે છે. જેના કારણે ચાલકો ઝડપી પસાર થતા અટક્યા હતા. ત્યારે ફક્ત દેખાડા પુરતી કામગીરી કરીને લોકોના જીવ જોખમમાં નાંખવા બદલ તંત્ર સામે સ્થાનિકોમાં રોષની લાગણી ફેલાઈ હતી. સમગ્ર ઘટનાને લઈ માર્ગ અને મકાન વિભાગના અધિકારી સાથે સંપર્ક કરતા તેઓનો સંપર્ક થઈ શકયો નથી.

## મરાઠા અનામત આંદોલનમાં વકરેલી હિંસાને પગલે ગુજરાત-મહારાષ્ટ્ર એસટી બસ સેવા ઠપ્પ

ડાંગ,

મહારાષ્ટ્રમાં મરાઠા અનામત આંદોલનમાં વકરેલી હિંસાને પગલે સાપુતારામા ગુજરાતની બસો થોબી દેવાની ફરજ પડી છે. એસટી વિભાગના આ નિર્ણયના કારણે મોટી સંખ્યામાં મુસાફરો અટવાઈ પડ્યા છે . ઉલ્લેખનીય છે કે ડાંગ તરફથી નાસિક -શિરડી અને તે તરફના રુટ પર બંને રાજયના લોકો મોટી સંખ્યામાં અવર-જવર કરતા હોય છે.

મહારાષ્ટ્રમાં મરાઠા અનામત આંદોલનમાં વકરેલી હિંસાને પગલે એસટી બસોને નિશાન બનાવવામાં આવી રહી છે. સરકારી બસોને થતું નુકસાન અટકાવવા માટે ગુજરાત રાજયની બસોને મહારાષ્ટ્રમા જતી અટકાવી દેવામાં આવી છે. સુરત ડેપો મેનેજરના જણાવ્યા મુજબ મહારાષ્ટ્રમાં ચાલી રહેલા ઉગ્ર આંદોલનના કારણે ગુજરાતથી મહારાષ્ટ્રમા જતી બસોને સાપુતારા નજીક અટકાવી દેવામાં આવી છે તો સાથે આગળ આદેશ સુધી બસ આગળ ન ધપાવવા પણ સૂચના આપવામાં આવી છે.

મહારાષ્ટ્રમા મરાઠા આંદોલનની આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરી ચુકી છે . સત્તાવાર આંકડા મુજબ સોમવારે સાંજ સુધીના મહારાષ્ટ્ર રાજયમા ૧૩ બસોને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. એસટી તંત્રએ વધુ નુકસાન અટકાવવા મહત્વનો નિર્ણય લીધો છે. વિભાગ અનુસાર આંદોલનની સૌથી વધુ અસર જે વિસ્તારોમાં જોવા મળી રહી છે તેવા ૩૦ ડેપો સદંતર બંધ કરી દેવાનો નિર્ણય લેવાયો છે. વિપરીત પરિસ્થિતિને ધ્યાને લઈ ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા ગુજરાતની બસો મહારાષ્ટ્રમા જતી અટકાવાની સૂચના આપવામાં આવી છે.

## ઓક્ટોબર માસમાં રાજ્યના ૭૨ લાખથી વધુ એટલે કે ૯૫ ટકા NFSA કુટુંબોને અનાજ વિતરણ કરાયું:પુરવઠા મંત્રી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં NFSA કુટુંબોના હિતમાં રાજ્ય સરકાર દ્વારા દિવાળીના તહેવારોમાં સસ્તા દરે અનાજ, ખાદ્યતેલ, ખાંડ, ચણા અને ડબલ ફોર્ટીફાઈડ મીઠાના વિતરણનું આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દિવાળીના તહેવારોમાં જરૂરીયાત મંદોને પૂરતા પ્રમાણમાં સસ્તા દરે અનાજ સહિતની ખાદ્ય વસ્તુઓ મળી રહે તે માટે ઓક્ટોબર-૨૦૨૩માં રાજ્યના ૭૨.૫૧ લાખ NFSA કુટુંબોને એટલે કે અનાજનું ૯૫ ટકા વિતરણ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ સિવાય ઓક્ટોબર માસમાં બાકી રહી ગયેલા કાર્ડ ધારકોને નવેમ્બર માસમાં અનાજ આપવામાં આવશે. આ ઉપરાંત આગામી તહેવારો નિમિત્તે નવેમ્બર-૨૦૨૩નો મળવાપાત્ર જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે જેની વિતરણ વ્યવસ્થાનો પણ રાબેતા મુજબ પ્રારંભ કરી દેવામાં આવ્યો છે, જેનો લાભાર્થી કુટુંબોએ મહત્તમ લાભ લેવા પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ અનુરોધ કર્યો છે. પુરવઠા મંત્રીએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, રાજયમાં દિવાળીના તહેવારોને અનુલક્ષીને સરકાર દ્વારા આગોતરું આયોજન કરી ‘‘રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩’ હેઠળના રેશનકાર્ડધારકોને રાહત દરે કાર્ડદીઠ ૧ લિટર સીંગતેલ તથા અંત્યોદય અને બીપીએલ રેશનકાર્ડધારકોને કાર્ડદીઠ વધારાની ૧ કિ.ગ્રા. ખાંડનું ઓક્ટોબર-૨૦૨૩માં વિતરણ કરાયું છે. ઓક્ટોબર માસમાં ૭૩,૦૦૦ મે.ટન ઘઉં, ૧.૦૫ લાખ મે.ટન ચોખા, ખાદ્યતેલ-સીંગતેલના એક લીટરના ૬૭ લાખ પાઉચ, ૮,૫૦૦ મે.ટન ખાંડ, ૫,૦૦૦ મે.ટન ચણા અને ૩,૩૦૦ મે.ટન ડબલફોર્ટીફાઈડ મીઠાનું વિતરણ કરવામાં આવ્યું છે. આમ, કોઈ કાર્ડધારક દિવાળીના તહેવારમાં રાજ્ય સરકારની સસ્તા અનાજની યોજનાથી બાકાત રહે નહી તે માટે પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

પુરવઠા મંત્રી કુંવરજીભાઈએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર સાથે ગત સપ્ટેમ્બર-૨૦૨૩માં સસ્તા અનાજના દુકાનદાર એસોસિયનના હોદ્દેદારો સાથે થયેલી બેઠકમાં નક્કી થયા મુજબ ગત સપ્ટેમ્બર ૨૦૨૩ના માસનું તમામ જિલ્લાના વાજબી ભાવના દુકાનદારોને મિનિમમ કમિશન રૂ.૨૦,૦૦૦ પેટે રૂ.૩.૫૩ કરોડથી વધુની રકમ ચૂકવી દેવામાં આવી છે. આ સિવાય પણ પ્રજાના હિતમાં સસ્તા અનાજના દુકાનદારોના પ્રશ્નોના યોગ્ય ઉકેલ માટે રાજ્ય સરકાર હંમેશા કટિબદ્ધ છે તેમ, પણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ લાભદાયી રહેશે. વેપારમાં જોખમ લેવાનું પરિણામ આજે લાભદાયી રહેશે. ધીરજ અને તમારા નરમ વર્તનથી સમસ્યાઓ સુધારી શકાય છે.

વૃષભ : આજના ગ્રહોની સ્થિતિ તમારા માટે અનુકૂળ છે અને તમને સંપૂર્ણ લાભ થવાની અપેક્ષા છે. લાંબા સમયથી અટકેલી ડીલને સાંજ સુધીમાં અંતિમ સ્વરૂપ આપી શકાય છે. તમને ક્યાંકથી વિશેષ સન્માન મળી શકે છે.

મિથુન : આજનો દિવસ તમારા માટે સામાન્ય દિવસ છે અને તમે સરળતાથી રૂટિન પૂર્ણ કરવાનું ચાલુ રાખશો. સામાન્ય રીતે કરવામાં આવેલા કોઈપણ કાર્યમાં તમને સફળતા મળશે.

કર્ક : આજનો દિવસ તમારા માટે કંઈક નવું લાવવાનો છે. તમારું ધ્યાન નવી યોજનાઓ પર રહેશે. તમે કોઈ દેવ સ્થાનની મુલાકાતે જવાનું મન બનાવી શકો છો. કાયદાકીય વિવાદમાં તમને સફળતા મળશે.

સિંહ : આજનો દિવસ સાવચેત અને સાવધાન રહેવાનો છે. વેપારની બાબતમાં તમે થોડું જોખમ લઈ શકો છો, સફળતાની અપેક્ષા છે. રોજિંદા કામ ઉપરાંત, તમે કેટલાક નવા કામમાં હાથ અજમાવી શકો છો.

કન્યા : તમારી રાશિના લોકો માટે આજનો દિવસ ખૂબ જ રચનાત્મક છે અને આજે તમને કંઈક નવું કરવાની તક પણ મળશે. તમને કોઈ પણ સર્જનાત્મક અને કલા સંબંધિત કાર્ય પૂર્ણ કરવાનું મન થશે.

તુલા : આજનો દિવસ તમારા માટે ખૂબ જ સારો છે. દિવસભર લાભની તકો રહેશે. તેથી સક્રિય બનો અને સારી તકોનો લાભ લો. પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો.

વૃશ્ચિક : તમારી રાશિના લોકો માટે આજનો દિવસ ખૂબ જ સકારાત્મક રહી શકે છે. તમે જે પણ કામ સમર્પણ સાથે કરશો, આજે તમને તેમાં પૂર્ણ સફળતા મળશે અને અધૂરા કામનું સમાધાન થશે.

ધન : આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવચેત રહેવાનો છે. સ્વાસ્થ્ય પ્રત્યે વિશેષ કાળજી રાખો નહીં તો હવામાન તમને પરેશાન કરી શકે છે. ખાવામાં બેદરકાર ના બનો. વેપારની દ્રષ્ટિએ દિવસ સુખદ રહેશે.

મકર : આજનો દિવસ ખૂબ જ વ્યસ્ત રહેશે, પરંતુ તમે આધ્યાત્મિક બાબતો અને અભ્યાસ માટે થોડો સમય આપી શકશો. કાર્યક્ષેત્રમાં વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં અવરોધ લાવવાનો પ્રયત્ન કરશે.

કુંભ : આજનો દિવસ તમારા માટે થોડો સંયમ અને પોતાના પર નિયંત્રણ રાખવાનો દિવસ હોઈ શકે છે. તમારા વ્યવહારમાં સંયમ અને સાવધાની રાખો. તમારી આસપાસના લોકો સાથે સંઘર્ષ ના થાય તેનું ધ્યાન રાખો.

મીન : આજનો દિવસ તમારા માટે લાભદાયી છે. કાર્ય-વર્તન સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટમાં તમને સફળતા મળશે અને અટકેલા કામ ફરી શરૂ થઈ શકે છે.

# ફતેપુરા તાલુકાના સુખસર ફોરેસ્ટ થાણા દ્વારા વર્મી ખાતર કીટ વિતરણમાં અન્યાય થતો હોવાની ખેડૂતોની ઉઠેલી બુમો

- સુખસર ફોરેસ્ટ થાણાના જવાબદારો દ્વારા જરૂરિયાત મંદ ખેડૂતોને વર્મી ખાતર કીટ વિતરણ નહીં કરી મળતીયા ઓને ફળવાતી હોવાની ચર્ચા.
- વર્મી ખાતર કીટ સવારના છ થી સાત અને સાંજના છ થી સાત વાગ્યાના અરસામાં ફાળવણી કરાતા મોટાભાગના ખેડૂતો કીટના લાભથી અજાણ.
- મળતીયા લોકો ટ્રેક્ટર ડાલા તથા રેકડાઓ ભરી વર્મી ખાતર કીટ મેળવી રહ્યા છે.

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં હાલ ફોરેસ્ટ ખાતા દ્વારા વિનામૂલ્યે ખેડૂતોને વર્મી ખાતર કીટ વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં સુખસર રાઉન્ડ ફોરેસ્ટ થાણામાં આ ખાતર કીટ વિતરણ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે. તેમાં આ ખાતર કીટના લાભથી મોટાભાગના ખેડૂતો અજાણ છે. જ્યારે ફોરેસ્ટ ખાતાના મળતીયા લોકો દ્વારા ટેમ્પા, ટ્રેક્ટરો ભરી વર્મી ખાતર લઈ જવામાં આવી રહ્યું હોવાની જ્યારે ગરીબ ખેડૂતો આ વર્મી ખાતરના લાભ થી વંચિત રહી જતા હોવાની બુમો ઉઠવા પામેલ છે. ત્યારે સુખસર ખાતે ફોરેસ્ટ ખાતા દ્વારા કેટલા અને કયા કયા ખેડૂતોને વર્મી ખાતરનો લાભ આપવામાં આવ્યો તેની નિષ્પક્ષ અને તટસ્થ તપાસ થાય તે જરૂરી છે.

જાણવા મળેલ વિગતો મુજબ ૫૦-વિકાસશીલ તાલુકા જોગવાઈ-૨૦૨૩ જીલ્લા આયોજન મંડળ દાહોદના સહયોગથી બારીયા વન વિભાગ મહાકાળી આદિજાતિ વિકાસ મંડળ તરફથી ખેડૂતોને વિના મૂલ્યે વર્મી ખાતર કીટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેનો લાભ ફતેપુરા તાલુકાના સુખસર પંથકના ખેડૂતોને મળે તે હેતુથી સરકાર દ્વારા સુખસર રાઉન્ડ ફોરેસ્ટ થાણામાં આ વર્મી ખાતર ઉતારવામાં આવેલ છે. પરંતુ આ ખાતરથી પંથકના ગણ્યા-ગાંઠ્યા લોકો સિવાય મોટાભાગના ખેડૂતોને સરકાર દ્વારા વિના મૂલ્યે ખાતર કિટનું



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

વિતરણ કરવામાં આવી રહ્યું હોવાની કોઈ જાણકારી નથી. જ્યારે થતી ચર્ચા મુજબ જવાબદારોને મળતીયા લોકો ટેમ્પાઓ અને ટ્રેક્ટરો ભરી આ ખાતર આસાનીથી ભરી લઈ જઈ રહ્યા છે! જ્યારે જે લોકો જરૂરિયાતમંદ ગરીબ ખેડૂતો છે તેઓ આ કીટ લેવા આવે છે. ત્યારે કિટ ખલાસ થઈ ગઈ હોવાનું ફોરેસ્ટ ખાતાના જવાબદારો દ્વારા જણાવવામાં આવતું હોવાનું જાણવા મળે છે.

નોંધનીય છે કે,સુખસર રાઉન્ડ ફોરેસ્ટ થાણા દ્વારા આ કિટનું વિતરણ સવારના છ થી સાત વાગ્યા સુધી અને સાંજના છ વાગ્યા બાદ કરવામાં આવતું હોવાની ચર્ચા પણ સાંભળવા મળે છે. ત્યારે સુખસર તથા ફતેપુરા ફોરેસ્ટ ખાતાના જવાબદારો એટલા તે કયા કામમાં બીઝી હોય છે કે ઓફિસ સમય પહેલા અને ઓફિસ સમય બાદ ખેડૂતોને વર્મી ખાતર વિતરણ કરવા મહામૂલો સમય ફાળવે છે? તે પણ એક તપાસનો વિષય છે. તેમજ આ વર્મી ખાતર કયા-કયા ખેડૂતને ફાળવવામાં આવેલ છે તેની પણ તપાસ જરૂરી છે.

અહીંયા જણાવવું જરૂરી છે કે, સુખસર ખાતે રાઉન્ડ ફોરેસ્ટ થાણું આવેલ છે. તેમ છતાં અહીંયા બારેમાસ તાળા લાગેલા હોય છે અને સુખસર પંથકનો વહીવટ ફતેપુરાથી ચલાવાય છે. જ્યારે હાલ ખેડૂતોને વર્ગની ખાતર વિતરણ માટે બે દિવસથી સવાર અને સાંજના સમયે કચેરી ખુલે છે અને એકાદ બે કલાક બાદ કચેરીને તાળા વાગી જાય છે અને તેના માટે આ લખનારને વાંધો નથી, પરંતુ સરકાર દ્વારા ફાળવવામાં આવતા ખાતરની કીટ માલદાર અને મળતીયા લોકો લઈ જતા હોય અને જરૂરિયાતમંદ બાકાત રહી જતા હોય તે ખેડૂતો સાથે હળ હળતો અન્યાય નથી તો બીજું શું? વર્મી ખાતર કીટ ફાળવણીમાં થતા અન્યાયની ખેડૂતોમાં ચર્ચા થતાં ફતેપુરા રેન્જ ફોરેસ્ટ કચેરીમાં મોબાઈલથી અનેકવાર કોન્ટેક કરવા છતાં જવાબદારો દ્વારા મોબાઈલ રિસીવ કરવામાં આવ્યો ન હતો. જો સરકાર દ્વારા ફરવાયેલ વર્મી ખાતર કીટ ફાળવણીમાં કોઈ અન્યાય કરવામાં આવતો નહીં હોય તો મોબાઈલથી વાત કરવા ફતેપુરા ફોરેસ્ટ ખાતાના જવાબદારો કોના હુકમથી મોબાઈલ રિસીવ કરતા નહીં હોય ? ગરીબ ખેડૂતો સાથે તો અન્યાય થાય છે. પણ જાગૃત લોકોએ પણ ચૂપ રહેવાનું..?

# દાહોદ છાપરી ગામના સર્વે નં.૧૧૪ અને ૧૧૫/અ ની જમીનમાં શરતભંગની કાર્યવાહી કરી બાંધકામ સીલ કરવા લેખિત રજુઆત

દાહોદ,

દાહોદના મહેસુલી તંત્રના સત્તાધીશો પણ કરોડો રૂપિયાના સામ્રાજ્ય સામે નજરો ફેરવીને પસાર થાય છે. આ છાપરી ગામના રેવન્યુ સર્વે નંબર ૧૧૪ અને ૧૧૫/અ ની જમીનો માં આંતરિક સોદાઓના વેચાણ દસ્તાવેજો સાથે સરકારી રેકર્ડ ઉપર શરતભંગની કાર્યવાહીઓની પરવાઓ કર્યા વગર ધંધાકીય સામ્રાજ્યોમાં ફેરવાઈ ગયા છે. આ સામે દાહોદના જાગૃત અરજદાર વિનોદચંદ્ર પટેલ દ્વારા છાપરી ગામના રેવન્યુ સર્વે નંબર ૧૧૪ અને ૧૧૫/અ ની જમીનો ઉપર સરકારની પૂર્વ મંજૂરી વગર ઊભા કરવામાં આવેલા ધંધાકીય સામ્રાજ્ય સામે શરતભંગ હેઠળની કાર્યવાહી કરો અને આ બાંધકામોને સત્વરે સીલ કરો અગર તો દૂર કરોની ફરિયાદ સ્વરૂપની લેખિત રજૂઆત દાહોદના મહેસૂલી તંત્રના સત્તાધીશો સમક્ષ કરતાં વિવાદિત જમીન પ્રકરણનો આંતરિક માહોલ બરાબર ગરમાયો છે.!!

એટલા માટે કે મૂળ આદિવાસી ખેડૂતોની ૭૩-એએ ની નિયંત્રણ સત્તા પ્રકારની આ છાપરી ગામના રેવન્યુ સર્વે નંબર ૧૧૪ અને ૧૧૫/અ ની ખેતીની જમીનો દાહોદ તાલુકા પંચાયત કચેરીના સંદિગ્ધ હુકમમાં બિનખેતીમાં ફેરવાઈ ગઈ.!! આ વિવાદિત જમીનોમાં ખેલાયેલા ખેલોનું ગંભીર આશ્ચર્ય તો એવું છે કે રેવન્યુ સર્વે નંબર ૧૧૫/અ ની જમીનુ ક્ષેત્રફળ ૧૫૯૬૦ ચોરસ મીટર માંથી ૧૮૯૫૦ ચોરસ મીટર અને સર્વે નંબર ૧૧૪ ની જમીન નું ક્ષેત્રફળ ૮૭૦૦ ચોરસ મીટર માંથી ૧૦૩૫૦ ચોરસ મીટરના વધારામાં ફેરવાઈ ગયું. એમાં અરજદારો દ્વારા દે.બારીઆ ડી.એલ.આર. કચેરીના હિસ્સા ફોર્મ નંબર ૪ રજૂ કરીને આ બંને જમીનોના ક્ષેત્રફળોમાં અચાનક એટલે કે કરોડો રૂપિયાના મૂલ્યની કહેવાથી ૪૬૪૦ ચોરસ મીટરના જાદુઈ શેત્રફળનો વધારો બારોબાર તો કરાયો, પરંતુ તત્કાલીન સમયના સર્કલ ઓફિસરે રેવન્યુ સર્વે નંબર ૧૧૪ અને ૧૧૫/અ ની આ બે અલગ જમીનોના ક્ષેત્રફળના વધારાની એક જ નોંધ નંબર ૧૪૭૭ ને પ્રમાણિત કરી દઈને ભેજાબાજોના ખેલોને પ્રોત્સાહિત આપતો વહીવટ કર્યો હોવાની ચોકાવનારી વિગતો પણ તપાસો માંગી રહી છે.

## ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર માર્ગ અકસ્માતોનો સીલસીલો યથાવત

# દાહોદ નજીક આરટીઓ ચેકપોસ્ટ પાસે અજાણ્યો ફોરવીલર ગાડીની ટકરે ઓટોરિક્ષા પલટી મારી : એક મહિલા સહિત પાંચ ઈજાગ્રસ્ત

દાહોદ,

દાહોદ નજીક ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર ગુજરાત તરફથી પૂર ઝડપે આવતી અજાણી ફોરવીલર ગાડી ના ચાલકે એક મુસાફરો ભરેલી ઓટોરિક્ષાને પાછળથી જોશભેર ટક્કર મારી ફરાર થઈ જવા પામ્યો હતો. જેના પગલે સર્જાયેલા અકસ્માતમાં ઓટોરિક્ષા ગાડી પલટી મારી જતા રિક્ષામાં સવાર એક મહિલા સહિત પાંચ વ્યક્તિઓને ઈજાઓ પહોંચતા તેઓને ૧૦૮ મારફતે દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર અવારનવાર માર્ગ અકસ્માતો ની વણથંબી વણઝાર જોવાતા આ હાઈવે અકસ્માત ઝોન તરીકે પ્રસ્થાપિત થઈ રહ્યો છે. તારે આજરોજ સવારના સમયે આ હાઈવે ઉપર વધુ એક માર્ગ અકસ્માત નો બનાવ સામે આવ્યો હશે. જેમાં કતવારા ગામનો ઓટો રીક્ષા ચાલક પોતાના કબજા હેઠળની Gj-20-W-3961 નંબરની રિક્ષામાં મુસાફરો ભરીને હાઈવે પરથી કતવારા તરફ જઈ રહ્યો હતો. તે સમયે રસ્તામાં આરટીઓ ચેકપોસ્ટ નજીક ગોધરા તરફથી પૂર ઝડપે આવતી એક ફોરવીલર ગાડીના ચાલકે આગળ ચાલી રહેલી ઓટોરિક્ષાને જોશભેર ટક્કર મારતા સર્જાયેલા માર્ગ અકસ્માતમાં ઓટોરિક્ષા પલટી ખાઈ જતા રીક્ષામાં સવાર દાહોદ તાલુકાના વાંકીયા સીમળીયા ગામના નિશાળ ફળિયાના રમેશ પરમાર, ખાપરીયા રાતીગર ગામના ડામોર ફળિયાના અનિલ ગણાવા, દસલા તળાવ ફળિયા ગામના દીપાભાઈ રૂપાભાઈ ગરવાળ, ચંદવાણા લેહરી ફળિયાની રોશનીબેન સરથાણા, તેમજ મોટી લખેલી પટેલ ફળિયાના સંજયભાઈ આમલીયાર સહિત પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જ્યારે આ બનાવમાં ચાલકનો આબાદ બચાવ થયો હતો. જોકે ઘટના બાદ આસપાસના ભેગા થયેલા લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી ઈજાગ્રસ્તોને દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલી દીધા હતા. જ્યારે આ બનાવ દરમિયાન ઓટોરિક્ષાને ટક્કર મારનાર અજાણ્યો ફોરવીલર ગાડીનો ચાલક પોતાનું વાહન લઈ ફરાર થઈ જવા પામ્યો હતો.

# ધાનપુરના વેડ ગામેથી રીક્ષામાં લઈ જવાતો ૩૧ હજારના ઈંગ્લીશ દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના વેડ ગામેથી પોલીસે એક ઓટો રીક્ષામાંથી વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા.૩૧,૦૨૦ના પ્રોહી જથ્થા સાથે ઓટો રીક્ષાની કિંમત મળી કુલ રૂા.૧,૩૧,૦૨૦ના મુદ્દામાલ સાથે ઓટો રીક્ષામાં સવાર એકની અટકાયત જ્યારે એક પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૩૧મી ઓક્ટોમ્બરના રોજ ધાનપુર પોલીસને મળેલ બાતમીના આધારે વેડ ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક ઓટો રીક્ષા પસાર થતાં પોલીસ સાબદી બની હતી. ત્યારે દુરથી પોલીસને જોઈ ઓટો રીક્ષામાં સવાર રોહીતકુમાર મનહરભાઈ વરીયા (રહે. કાલીયાકુવા, ઈન્દીરા આવાસ ફળિયું, તા. ગોધરા, જી.પંચમહાલ) અને જુવાનસીંગ ઉર્ફે જવરાભાઈ ચંન્દ્રાભાઈ બારીઆ (રહે. ડભવા. પટેલ ફળિયું, તા. ધાનપુર, જી.દાહોદ) નાઓ ભાગવાનો પ્રયાસ કરતાં પોલીસે બંન્નેનો પીછો કરતાં પોલીસે રોહીતકુમારને ઝડપી પાડ્યો હતો જ્યારે જુવાનસીંગ ઉર્ફે જવરાભાઈ પોલીસને ચકમો આપી નાસી ગયો હતો. પોલીસે ઓટો રીક્ષામાંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ. ૨૬૦ કિંમત રૂા. ૩૧,૦૨૦ના પ્રોહી જથ્થા સાથે ઓટો રીક્ષાની કિંમત મળી કુલ રૂા. ૧,૩૧,૦૨૦ નો મુદ્દામાલ કબજે કરી આ સંબંધે ધાનપુર પોલીસે ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુર તાલુકામાં રાજયકક્ષાના પંચાયત અને કૃષિ મંત્રી અને સાંસદના હસ્તે ૬ કરોડના વિવિધ વિકાસના કાર્યોના લોકાર્પણ ખાતમુહૂર્ત કરાયું

દાહોદ,

રાજ્યના પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડ, સાંસદ જશવંતસિંહ ભાભોરના હસ્તે અગાસવાણી ગામ સહિત આસપાસના ગામના લોકોને આરોગ્યની સેવા મળી રહે તે માટે ૩.૪૦ કરોડના ખર્ચે નવીન બનેલ અત્યંત આધુનિક સુવિધાજનક સામુહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ તેમજ મહુનળા, સુરપુર ગામે લોકોને મોબાઈલ ટાવરની સુવિધા મળી રહે તે માટે ૨.૬૬ કરોડના ખર્ચે નવીન બનનાર ટાવર માટે ભૂમિ પૂજન વિધિ હાથ ધરવામાં આવ્યું.



આ પ્રસંગે મંત્રી બચુભાઈ ખાબડે રાજયમંત્રી બચુભાઈ ખાબડે જણાવ્યું કે, છેવાડાના ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની આરોગ્ય સુવિધાઓ પ્રાપ્ત થાય એ માટે સરકાર પ્રતિબદ્ધ છે. અગાસવાણી નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તમામ અદ્યતન આરોગ્ય સુવિધા સાથે આજે પ્રારંભ થયો છે. ૧૯ ગામોને આરોગ્યલક્ષી સુવિધાનો લાભ મળશે.

જીલ્લાના તમામ અંતરિયાળ વિસ્તારો ખાતે પાયાની આરોગ્ય સેવાનો પ્રસાર થયો છે. દાહોદ જીલ્લામાં ગરીબમાં ગરીબ વ્યકિત પણ નિદાન સારવાર સહિતની સેવાઓ નિશુલ્ક મેળવી રહી છે.

આદિજાતિ વિસ્તારના લોકોને આરોગ્યની સંપૂર્ણ સુવિધા મળી રહે નાનામાં નાની બીમારી નું હાલ સ્થાનિક કક્ષાએ નિવારણ થાય તેમજ ગામડાનો માનવી પણ મોબાઈલ અને ટાવરની સુવિધાથી વંચિત ન રહે તે માટે ૬ કરોડના વિકાસ કામો હાથ ધરવામાં આવ્યા છે.

દાહોદ જીલ્લામાં ૫.૭૬ લાખ થી વધુ આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત કાર્ડ આપવામાં આવ્યા છે અને જીલ્લામાં ૬૬ હજારથી વધુ લોકોને સ્પેશિયલીસ્ટ હોસ્પિટલમાં ૯૮.૨૧ કરોડનો લાભ આપવામાં આવ્યો છે.ઉપરાંત જીલ્લામાં આરોગ્ય સુવિધાઓ દરેક સામાન્ય વ્યકિત સુધી પહોંચે એ માટે સઘન કામગીરી કરાઈ રહી છે. વન ગુજરાત વન ડાયાલીસિસ સેન્ટર અંતર્ગત દાહોદ જીલ્લાના તમામ તાલુકા મથક ખાતે ડાયાલીસિસ સેન્ટર કાર્યરત કરાયું છે.

દાહોદ જીલ્લામાં ૭૮ કરોડના ખર્ચે ૬૬ મોબાઈલ ટાવરો ટૂંકા ગાળાના સમયમાં કાર્યરત કરવામાં આવ્યા છે. ધાનપુરમાં પણ આઠ ટાવરો શરૂ કરાયા છે, જેથી જનતાને લાભ મળી રહેશે.

જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદય ટીલાવત એ જીલ્લામાં મળી રહેલી આરોગ્ય સુવિધા વિશે વિગતે જણાવ્યું હતું.

આ પ્રસંગે જીલ્લા કલેકટર ડો.હર્ષિત ગોસાવી, જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, જીલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના સભ્યો, સરપંચ સહિત આરોગ્યકર્મીઓ, મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જીલ્લો સ્વચ્છતા રાખવા દાહોદ જીલ્લાનું એક બાળક આપે કવિતા થકી સંદેશ

દાહોદ,

ગાંધીજીની ‘સ્વચ્છ ભારત’ની સંકલ્પનાને સાકાર કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગાર્બેજ ફ્રી ઈન્ડીયાનો મંત્ર આપ્યો છે. ગુજરાતમાં પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજયમાં ચાલી રહેલા વિવિધ સ્વચ્છતા અભિયાનના કાર્યક્રમોને, આગામી વધુ બે મહિના સુધી એટલે કે ૧૬ ડિસેમ્બર-૨૦૨૩ સુધી લંબાવવામાં આવ્યુ છે.

દાહોદ જીલ્લામાં સ્વચ્છતા હિ સેવા ૨૦૨૩ અંતર્ગત દરેક તાલુકાના વિવિધ ગામોમાં સ્વચ્છતા પૂરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે દાહોદ જીલ્લાના માહીર પ્રદીપભાઈ પંચાલ સ્વચ્છતાની કવિતા દ્વારા દરેક લોકોને સ્વચ્છતા અભિયાનમાં જોડાવા આહવાન



કરી રહ્યા છે.

માહીર પ્રદીપકુમાર પંચાલ પોતાની કવિતામાં જણાવે છે કે, આવો બધા સાથે મળી સાફ સફાઈ કરીએ કાગળ કચરો જ્યાં ત્યાં નાં ફેંકીએ અને જ્યાં ત્યાં નાં થૂકી શહેરમાં સ્વચ્છતા જાળવી રાખીએ. સાફ સફાઈ દરેક વ્યકિતને ગમે છે. જેનાથી સ્વાસ્થયને નુકસાન થતું નથી અને શહેર પણ સુંદર રહે છે. માટે દરેક લોકો સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ પોતાનું યોગદાન આપીએ.

# સંજેલી-રાજપીપળા બસ બંધ થતાં મુસાફરોને હાલાકી

સંજેલી,

રાજપીપળાથી સંજેલી રૂટની એક બસ એસ.ટી.વિભાગ તરફથી શરૂ કરવામાં આવી હતી. કેટલાય સમયથી ચાલતી આ રાજપીપળાથી બસ વડોદરાથી ૨.૩૦ કલાકના સમયે બપોરના સમયે ઉપડતી મુસાફરો માટે અનુકુળ હતી. દરરોજ વહેલી સવારે ૫.૦૦ વાગ્યે પરત વડોદરા-રાજપીપળા જતી અનુકુળ બસ સારી આવક પણ લાવી રહી હતી. પરંતુ કેટલાય સમયથી આવી બસો બંધ થઈ જતા મુસાફરોને ભારે મુશ્કેલી પડી રહી છે. વડોદરા એસ.ટી.તરફથી આ રૂટની બસો શરૂ કરવામાં આવે તો અનેક મુસાફરોને મદદરૂપ બને તેમ છે. ગોધરાથી દરરોજ સાંજે સંજેલી તરફ આવતા જતા મુસાફરો માટે આવી અનુકુળ બસ વહેલી તકે શરૂ કરવામાં આવે તેવી મુસાફરોની માંગ છે. આ બસ બંધ થતાં વિસ્તારના મુસાફરોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

# ઝાલોદ નગરના પ્રભુતા પાર્ટી પ્લોટ ખાતે વણિક સમાજ દ્વારા કરાતી વાઈબ્રન્ટ દિવાળીના ઉત્સવ નિમિતે મીટિંગ યોજાઈ


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

વણિક સમાજના ઝાલોદ નગરની બહાર દેશ પરદેશમાં વસતા લગભગ ૧૦૦૦ જેટલા લોકો પોતાની માતૃભૂમિને વંદન કરવા તેમજ નગર સાથે સંકળાયેલ જૂની યાદો તાજા કરવાં નગરમાં આવતા હોવાથી તે લોકો નગરની ખુબ સારી છબી આંખોમાં વસાવી જાય તે માટે વણિક સમાજ દ્વારા વાઈબ્રન્ટ દિવાળીનો ચાર દિવસનો ઉત્સવ ઉજવવા જઈ રહી છે. તે અંતર્ગત ૩૧-૧૦-૨૦૨૩ ના રોજ પ્રભુતા પાર્ટી પ્લોટ ખાતે નગરના સ્વયંસેવકો સાથેની મીટીંગ યોજાઈ હતી. આ મીટીંગમાં આગામી ઉત્સવ માટે કાર્યક્રમની રૂપરેખા ચિરાગ કોઠારી અને દિનેશ પંચાલ દ્વારા આપવામાં આવી હતી. આ મીટીંગમાં સેવા, સુરક્ષા, સ્વાગત, ટ્રાફિક, સ્વચ્છતા વિશે નગરના સ્વયંસેવકો સાથે ચર્ચા કરવાના આવી અને સહુ લોકોને વાઈબ્રન્ટ દિવાળીના ઉત્સવ થી માહિતગાર કરી પ્રોગ્રામને સફળ બનાવવા માટે સહયોગની માંગવા અપીલ કરવામાં આવી હતી. આ મીટીંગમાં હકારાત્મક સૂચનો સાથે સહુએ સંપૂર્ણ સાથ સહકાર આપવાની ખાતરી આપી હતી. સહુ સ્વયંસેવકો વાઈબ્રન્ટ સેવા સમિતિ સાથે સંકળાઈ કામગીરી કરશે તેવા હેતુલક્ષી સૂચનો સાથે મીટીંગ પુરી કરવામાં આવી હતી તેમજ આગામી કાર્યક્રમની રૂપરેખા સાથે વાઈબ્રન્ટ સેવા સમિતિના સહુ કાર્યકર્તાઓ જોડાઈ કામગીરી કરશે. ઝાલોદ નગરપાલિકા પણ એક્શન મોડમાં આવી ગઈ છે, નગરપાલિકા દ્વારા રામસાગરની સફાઈ, નગરમાં સ્વચ્છતા, નગરને સુંદર રોડ જેવી પાયાની સુવિધાઓ પુરી પાડવા કમરકસી રહી છે. નગરપાલિકા દ્વારા એકસ્ટ્રા કામદારો રાખીને નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે કામગીરીમાં જોતરાઈ ગયેલ જોવા મળી રહેલ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.62

# શહેરા તાલુકાના ધારાપુર ચોકડી પાસે પાનમ સિંચાઈ વિભાગની ચોકીની જગ્યા પર દબાણ

- ગ્રામ પંચાયત દ્વારા દબાણ કરનાર અને અનેક વખત નોટિસ પાઠવવામાં આવી.
- JCBના મદદથી ચાર માંથી એક દુકાનનું દબાણ દૂર કરવામાં આવ્યુ.
- દબાણ કરનાર ભરવાડ ખાતુભાઈએ આ જગ્યા માલિકીની હોવાનું તંત્ર સામે અનેક વખત જણાવી રહ્યા હોવાથી સંબંધિત તંત્રના અધિકારીઓ દ્વારા વધુ દસ દિવસની મુદત અપાઈ.



શહેરા,

શહેરા તાલુકાના ધારાપુર ચોકડી પાસે પાનમ સિંચાઈ વિભાગની ચોકીની જગ્યા પર દબાણ થતાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે તંત્ર દ્વારા દબાણ કરનારને દસ દિવસનો સમય આપવા સાથે પોલીસ બંદોબસ્ત વચ્ચે ચાર દુકાનમાંથી એક દુકાન જેસીબી મશીનથી તોડી પાડવામાં આવી હતી.

શહેરા તાલુકામાં સરકારી જગ્યાઓમાં દિન પ્રતિદિન દબાણ વધતા હોય એવા કિસ્સાઓ ધીમે ધીમે બહાર આવતા હોય એમ લાગી રહ્યું છે. તાલુકાના ધારાપુર ગ્રામ પંચાયત એ વર્ષ ૧૯૮૦માં પાનમ સિંચાઈ વિભાગને માઈનોર સાંકળ ૩,૦૫૦ મીટર પર ચોકી માટે જગ્યા ફાળવવામાં આવી હતી. ગ્રામ પંચાયત દ્વારા મળેલ ખરાબાની જમીનમા પાનમ સિંચાઈ વિભાગ એ પાકી ઈંટોની દીવાલની પતરાના શેડની ચોકી કર્મચારીઓ ને બેસવા માટે બનાવવામાં આવી હતી. વર્ષ ૨૦૨૧ માં વરસાદના કારણે ચોકી ધરાશાયી થઈ જતા આ જગ્યા પર થોડા મહિનાઓ પહેલા એક વ્યક્તિ દ્વારા દબાણ કરવામાં આવેલ હોવાનું પાનમ સિંચાઈ વિભાગને માલુમ થતા ગ્રામ પંચાયત દ્વારા દબાણ કરનાર ભરવાડ ખાતુભાઇ ને આ અંગે નોટિસ પાઠવવામાં આવી હતી. બુધવારના રોજ પાનમ સિંચાઈ વિભાગ, તાલુકા વિકાસ અધિકારી, ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી તેમજ સબંધિત તંત્રના અધિકારીઓની ઉપસ્થિતિમાં પોલીસ બંદોબસ્ત સાથે રાખીને ચાર દુકાનો પાકી ઉભી કરવામાં આવી હતી. તે દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેસીબીના મદદથી ચાર માંથી એક દુકાન નું દબાણ દૂર કરવામાં આવવા સાથે દબાણ કરનાર ભરવાડ ખાતુભાઈએ આ જગ્યા માલિકીની હોવાનું તંત્ર સામે અનેક વખત જણાવી રહ્યા હોવાથી સંબંધિત તંત્રના અધિકારીઓ દ્વારા વધુ દસ દિવસની મુદત આપવામાં આવી હતી.આગામી દિવસોમાં દબાણ કરનાર ભરવાડ ખાતુભાઈ દ્વારા આ જમીન અંગેના જરૂરી કાગળો તંત્ર સમક્ષ રજૂ કરવામાં નહીં આવે તો નવીન બનેલ દુકાનો સામે બુલડોઝર ફેરવી દેવામાં આવે તો નવાઈ નહી. જોકે, ગ્રામ પંચાયત દ્વારા સરકારી જગ્યામાં આ સમગ્ર દબાણ ઊભું થયેલ હોવાના કારણે અનેક વખત નોટિસો પણ ભરવાડ ખાતુભાઈને આપવામાં આવી હોય ત્યારે જોવું રહ્યું કે, ખરેખર આ દબાણ કે પછી માલિકીની જગ્યાએ તો આવનાર દસ દિવસની અંદર ખબર પડી જનાર છે.

## પંચમહાલ જીલ્લા કલેક્ટર દ્વારા દિવાળીના તહેવારોને લઈ મીઠાઈ-ફરસાણ અને દુધ-ઘીના વેપારીઓ સાથે મીટીંગ યોજી

### વેપારીઓને ભેળસેળ વગ અને નિયત કરેલ ભાવે વેચાણ માટે સુચન કર્યું



ગોધરા,

દિવાળીના તહેવારોને લઈ પંચમહાલ જીલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં સભાંખડ ખાતે જીલ્લાના તમામ તાલુકાના મીઠાઈ, ફરસાણ તથા દુધ-ઘીની બનાવટનું વેચાણ કરતાં વેપારીઓ સાથે બેઠક યોજી હતી અને ભેળસેળ નહિ કરતાં નકકી થયેલ ભાવોમાં વેચાણ કરવા નિર્દેશ કરવામાં આવ્યો.

દિવાળીના તહેવાર વચ્ચે ગણતરીના દિવસો બાકી હોય ત્યારે જીલ્લાવાસીઓના આરોગ્ય તેમજ ભેળસેળ યુકત મીઠાઈ, ફરસાણનું વેચાણ ન થાય તે માટે પંચમહાલ જીલ્લા કલેકટર દ્વારા જીલ્લાના તમામ તાલુકાઓના મીઠાઈ, ફરસાણની અને દુધ-ઘીની બનાવટોનું વેચાણ કરતાં વેપારીઓને દિવાળીના તહેવારોમાં લોકોના આરોગ્ય સાથે ચેડા થાય નહિ તેમજ મીઠાઈ, માવો અને દુધ વગેરે વસ્તુઓમાં ભેળસેળ ન થાય તે માટે સુચના કરાઈ હતી. સાથે મીઠાઈ, ફરસાણના દુકાનદારોને અગાઉની બેઠમાં નકકી થયેલ ભાવ મુજબ વેચાણ કરવા અનુરોધ કર્યો હતો. જીલ્લામાં કોઈપણ મીઠાઈ, ફરસાણ, દુધ-ઘીની બનાવટોમાં ભેળસેળ સામે આવશે તો તંત્ર દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ શુધ્ધ કાચા માલનો ઉપયોગ કરવા વેપારીઓ ઉપર ભાર મુકવામાં આવ્યો હતો.

## કાલોલના સસ્તા અનાજની દુકાનમાં જીલ્લા પુરવઠા અધિકારીના ચેકીંગમાં અનાજ સહિત ચીજવસ્તુઓના વધારે જથ્થો મળતાં સીઝ કરી કાર્યવાહી હાથ ધરી



કાલોલ,

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા આજરોજ કાલોલની સસ્તા અનાજની દુકાનમાં આકસ્મિક ચેકીંગ કરવામાં આવ્યું હતું. ચેકીંગ દરમિયાન ઘઉં, ચોખા, તુવેરદાળ, ચણાદાળનો વધારાનો જથ્થો મળી આવતાં જથ્થો સીઝ કરી દુકાન સંચાલક વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી.

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા દિવાળીના તહેવારોમાં રાશનકાર્ડ લાભાર્થીઓને દુકાનદારો દ્વારા અચાનક ઓછા અનાજના જથ્થાને લઈ જીલ્લાના તમામ તાલુકાઓમાં આકસ્મિક ચેકીંગ કરીને અનેક દુકાનો માંથી ગેરરીતિઓ ઝડપી પાડવામાં આવી છે. ત્યારે આજરોજ જીલ્લા પુરવઠા અધિકારી અને પુરવઠા વિભાગની ટીમ સાથે કાલોલના વી.આર. ખેરની સસ્તા અનાજની દુકાનમાં આકસ્મિક ચેકીંગ હાથ ધરવામાં આવતું હતું. દુકાનમાં અનાજના જથ્થાની તપાસ દરમિયાન અનાજ તેમજ અન્ય ચીજવસ્તુઓ વધારેનો જથ્થો મળી આવ્યો હતો. દુકાન માંથી ૧૦ કટ્ટા ઘઉં, ૧૦ કટ્ટા ચોખા, ૧૦ કટ્ટા તુવેરદાળ, ૩૪ કિલો ચણા તેમજ ૨ કટ્ટા ચણાની દાળનો વધારાનો જથ્થો મળી આવ્યો હતો. દુકાનદાર વધારેના જથ્થા અંગે ખુલાસો કરી નહિ શકતા અનાજ સહિતનો વધારેનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. દુકાન સંચાલક વિરૂદ્ધ વધારેના જથ્થા બાબતે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતાં કાલોલ તાલુકા સહિત જીલ્લાની સસ્તા અનાજની દુકાનોમાં ગેરરીતિ આચરતાં સંચાલકોમાં ફફડાટ જોવા મળ્યો છે.

## કાલોલ બસ સ્ટેન્ડમાં અગાઉના ઝગડાની અદાવતે ત્રણ ઈસમોએ મારામારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ

કાલોલ,

કાલોલ બસ સ્ટેન્ડ ખાતે ત્રણ આરોપી ઈસમોએ ફરિયાદીછને પાવાગઢ વાળા કેશમાં નિકાલ કેમ કરતા નથી. તેમ કહી ગાળો આપી ઉશ્કેરાઈ જઈ પાઈપ અને દંડા વડે મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ બસ સ્ટેન્ડ ખાતે હરવિંદદિપ માનસિંઘ ટાંક (રહે. જાંબુડી, ગામ-હાલોલ)ને ભુરાસિંઘ દુધાણી, સમસેરસિંઘ દુધાણીએ પાવાગઢ વાળા કેશમાં નિકાલ કેમ કરતા નથી. તેમ કહી ગાળો આપતા હોય અને ઉશ્કેરાઈ જઈ દંડા એન પાઈપ વડે મારમારતાં હરવિદદિપસિંહ બસમાં ચડી જતાં બસ માંથી નીચે ઉતારી અગાઉના ઝગડાની અદાવતે મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોધાઇ.

## કે.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદના વિદ્યાર્થીઓ દ્વારા યુવક મહોત્સવમાં ૧૪ સ્પર્ધાઓમાં ઈનામ મેળવી ઈતિહાસ સર્જ્યો



ઝાલોદ,

ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટ દ્વારા સંચાલિત કે.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઝાલોદના વિદ્યાર્થીઓએ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા દ્વારા આયોજિત ચતુર્થ યુવક મહોત્સવ સ્પંદન-૨૦૨૩ માં વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હતો.

કોલેજની આ ટીમ સમગ્ર યુનિવર્સિટીમાં સૌથી વધુ ઇનામો મેળવનારી ટીમ બની હતી. કોલેજના ઈતિહાસમાં સૌ પ્રથમ વાર ૧૪ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓની ટીમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. જેમાં કોલાજમાં પ્રથમ, કાર્ટૂનિંગમાં પ્રથમ, ફોક ઓર્કેસ્ટ્રામાં પ્રથમ, લોકનૃત્યમાં દ્વિતીય, ભારતીય લાઈટ વોકલમાં દ્વિતીય, ભારતીય ગ્રુપ ગીતમાં દ્વિતીય, પશ્ચિમી જૂથ ગીતમાં દ્વિતીય, ક્લાસિકલ ઈન્સ્ટ્રુમેન્ટલમાં દ્વિતીય, ક્વિઝમાં દ્વિતીય, વકતૃત્વમાં તૃતીય, વન એક્ટ પ્લેમાં તૃતીય, માઈમમાં તૃતીય, સ્કીટમાં તૃતીય, વેસ્ટર્ન વોકલ સોલોમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સ્પર્ધામાં કોલેજના પ્રિન્સિપાલ મધુકર પટેલ, ડો. આશિષ મોદી, ડો.યોગેશ ઝાલા, ડો.અનિતા પાદરીયા, અને ભારતીબેન મોદી દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. કોલેજના પ્રિન્સિપાલ સહિત તમામ કોલેજ પરિવારે વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

## ગોધરા સેશન્સ કોર્ટમાં જાહેરનામા ભંગના બી ડીવીઝન પોલીસના ગુન્હાના આરોપીને ગોન્દ્રા ખાતેથી પેરોલ સ્કોર્ડે ઝડપ્યો



ગોધરા,

ગોધરા બી ડીવીઝન પોલીસ સ્ટેશનના સેશન્સ કોર્ટના જાહેરનામા ભંગના ગુન્હાના ૧ વર્ષથી નાસતા ફરતા આરોપીને બાતમીના આધારે ગોન્દ્રા સર્કલ ખાતેથી પેરોલ ફલો સ્કોર્ડ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે આરોપી દેવેન્દ્રસિંહ ઉર્ફે દેવો જામસિંહ ચૌહાણ (રહે. ભેલીન્દ્રા,કાલોલ) સામે ગોધરા સેશન્સ કોર્ટમાં જાહેરનામા ભંગના ગુન્હામાં એક વર્ષથી નાસતો ફરતો વોન્ટેડ આરોપી હોય આ આરોપી બાબતે પેરોલ ફલો સ્કોર્ડને બાતમી મળી હતી કે, આરોપી ગોન્દ્રા સર્કલ પાસે ઉભેલ છે. તેવી બાતમીના આધારે પેરોલ સ્કોર્ડ દ્વારા ઝડપી પાડી બી ડીવીઝન પોલીસને સોંપવામાં આવ્યો.

## હાલોલ લીસેગા કંપની પાસે અલ્ટ્રો ગાડી માંથી ૩૧ હજારના ઈંગ્લીશ દારૂ સાથે ઈસમને પોલીસે ઝડપ્યો



હાલોલ,

હાલોલ રૂરલ પોલીસને બાતમી મળી હતી કે, અલ્ટો ગાડી બુટલેગર ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરીને વરસડા ચોકડીથી મસવાડ તરફ આવનાર છે. તેવી બાતમીના આધારે લીસેગા કંપની પાસે વોચ ગોઠવી બાતમીવાળી અલ્ટ્રો ગાડી ઝડપી ૩૧,૫૦૦/-રૂપીયાના ઈંગ્લીશ દારૂ સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ રૂરલ પોલીસને બાતમી મળી હતી કે, અલ્ટ્રો ગાડી નં.જીજે.૧૭.બીએચ.૫૧૫૬માં કાલોલ ખરોલા ગામે રહેતો શૈલેષ હિંમતભાઈ પરમાર ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલ છે અને ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈ વરસડા ચોકડીથી મસવાડ જીઆઈડીસી તરફ આવનાર છે. તેવી બાતમીના આધારે પોલીસે લીસેગો કંપની પાસે વોચ ગોઠવી બાતમીવાળી ગાડી ઝડપી પાડી હતી. અલ્ટ્રોગાડીમાં ચેકીંગ કરતા ગાડી માંથી બીયર ટીન, પ્લાસ્ટીક કવાટરીયા નંગ-૩૧૨ કિંમત ૩૧,૨૦૦/-રૂપીયા, અલ્ટ્રો ગાડી મળી કિંમત ૧,૩૧,૨૦૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપી શૈલેષ હિંમતભાઈ પરમારને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે હાલોલ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## LPG સિલિન્ડરની કિંમતમાં ૧૦૦ રૂપિયાથી વધુનો વધારો થયો

નવીદિલ્હી,

દેશમાં લોકોને તહેવારોની સિઝનમાં મોંઘવારીના મોટા આંચકાનો સામનો કરવો પડ્યો છે. આજે દેશમાં કરવા ચોથનો તહેવાર મનાવવામાં આવી રહ્યો છે અને આજથી એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૧૦૦ રૂપિયાથી વધુનો વધારો થયો છે. ગેસના આ ભાવ ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડર (કોમર્શિયલ એલપીજી સિલિન્ડર રેટ) માટે છે અને તેની અસર ખાસ કરીને ફૂડ ઈન્ડસ્ટ્રી અને રેસ્ટોરન્ટ બિઝનેસ પર જોવા મળશે, પરંતુ બહારનું ખાવાનું તમારા માટે મોંઘું થઈ જશે. આજે, ૧ નવેમ્બરથી, દિલ્હીમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમત વધીને ૧૮૩૩ રૂપિયા પ્રતિ સિલિન્ડર થઈ ગઈ છે અને ગયા મહિને ૧ ઓક્ટોબરના રોજ તે ૧૭૩૧.૫૦ રૂપિયા હતી. દિલ્હીમાં આજથી વાણિજ્યિક એલપીજી ૧૦૧.૫૦ રૂપિયા મોંઘો થયો છે. કોલકાતામાં એલપીજીની કિંમત ૧૦૩.૫૦ રૂપિયા વધીને ૧૯૪૩ રૂપિયા થઈ ગઈ છે જ્યારે ગયા મહિને તેનો દર ૧૮૩૯.૫૦ રૂપિયા હતો.દેશની આર્થિક રાજધાની મુંબઈમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ઘટીને ૧૭૮૫.૫૦ રૂપિયા થઈ ગઈ છે અને ૧૦૧.૫૦ રૂપિયા મોંઘી થઈ ગઈ છે. ઓક્ટોબરમાં તેના ભાવ ૧૬૮૪ રૂપિયા હતા. ચેન્નાઈમાં ગેસ સિલિન્ડરની કિંમત ઘટીને ૧૯૯૯.૫૦ રૂપિયા થઈ ગઈ છે અને તેમાં ૧૦૧.૫૦ રૂપિયાનો વધારો થયો છે. ઓક્ટોબરમાં તેના ભાવ ૧૮૯૮ રૂપિયા હતા. ગયા મહિને પણ ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૨૦૯ રૂપિયાનો વધારો કરીને લોકોને મોટો ઝટકો આપ્યો હતો. આ પછી દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમત ઘટીને ૧૭૩૧.૫૦ રૂપિયા થઈ ગઈ છે. સતત બીજા મહિને તેલ કંપનીઓએ કોમર્શિયલ એલપીજીના ભાવમાં વધારો કર્યો છે. ૧ નવેમ્બરે ઘરેલુ એલપીજીના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તે જૂના દર પર યથાવત છે. જો આપણે દેશના ચાર મોટા મેટ્રો શહેરો પર નજર કરીએ તો, ૧૪.૨૦ કિલોનું ઘરેલું ગેસ સિલિન્ડર દિલ્હીમાં ૯૦૩ રૂપિયા, કોલકાતામાં ૯૨૯ રૂપિયા, મુંબઈમાં ૯૦૨.૫૦ રૂપિયા અને ચેન્નાઈમાં ૯૧૮.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ છે.

## ભરૂચમાં લંપટ શિક્ષક જેલના સળિયા પાછળ ધકેલાયો

ભરૂચ,

પુણ્ય સલિલા માં નર્મદા અને ભૃગુ ઋષિની પવન ભૂમિ ભરૂચમાં ગુરુ - શિષ્યાના પવિત્ર સંબંધ લજવાયા છે. ભરૂચની જાણીતી શાળાના શિક્ષકે આ પવિત્ર સંબંધને કલંકિત કર્યા છે. માત્ર ૧૨ વર્ષની બાળકી ઉપર દાનત બગાડનાર શિક્ષકની ભરૂચ શહર સી ડિવિઝનના પોલીસ ઈન્સ્પેકટર એચ બી ગોહિલે ધરપકડ કરી લોકઅપ ભેગો કરી દીધો છે. તપાસ દરમિયાન આ લંપટ શિક્ષકે અન્ય વિદ્યાર્થીનીઓને પણ શિકાર બનાવી હોવાનો પોલીસને અણસાર મળી રહ્યો છે. ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એચ બી ગોહિલના જણાવ્યા અનુસાર ગત તા.૨૩/૧૦/૨૦૨૩ ના રોજ રાત્રીના સમયે ૧૨ વર્ષની બાળકીના માતા -પિતા બહાર ગયા હતા ત્યારે બાળકી ઘરે એકલી હતી. આબાબતની જાણ સગીર બાળકીનો ડાન્સ ટીચરને થતા બાળકીની એકલતાનો લાભ લઈ તે બાળકીના ઘરે પહોંચ્યો હતો. ડાન્સ ટીચર ધ્રુવિલબાલુભાઈ પટેલ કામના બહાને બાળકીના ઘરે પહોંચી તેના ફોટાઓ પાડી આપવાના બહાને બીભત્સ ચેન ચાળા કરવા લાગ્યો હતો. શિક્ષકની હરકતથી હતપ્રત બાળકીએ શિક્ષકને પરત મોકલી ઘટનાની હકિકતની જાણ પિતાને કરી હતી. ભરૂચ શહેર "સી" ડીવીઝન પો.સ્ટે.માં ફરીયાદ નોંધાવતા આઈ.પી.સી તથા પોક્સોની સંલગ્ન કલમો મુજબ ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો હતો. નાયબ પોલીસ અધિક્ષક સી.કે.પટેલ વિભાગીય પોલીસ વડા ભરૂચનાઓના માર્ગદર્શન મુજબ એચ.બી.ગોહીલ પોલીસ ઈન્સપેક્ટર ભરૂચ શહેર "સી" ડીવીઝન પોલીસ સ્ટેશન નાઓએ પો.સ્ટે.ના સર્વેલન્સ ટીમના પોલીસ માણસોની અલગ અલગ ટીમ બનાવી હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેક્નિકલ સર્વેલન્સ આધારે લંપટ શિક્ષકને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો છે.

## કાલોલના ઉતરેડીયા ગામે રેતી ખનન કરતા પાંચ ટ્રેકટરોને ખનીજ વિભાગ ઝડપ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના ઉતરેડીયા ગામની ગોમા નદીમાં ગેરકાયદેસર રેતી ખનન કરતા તત્વો સામે ખાણ ખનીજ વિભાગે અચાનક સપાટો બોલાવતા નદી પટમાં રેતી ખનન કરતા પાંચ ટ્રેકટરો ઝડપી પાડવામાં આવ્યા હતા. કાલોલ તાલુકા પંથકની ગોમા નદીમાં ચોમાસામાં નદીના વ્હેણ સાથે આવેલી નવી રેતીના થરને ખનન કરવા માટે ઠેર ઠેર બેફામપણે રેતી ખનન ધમધમી રહ્યુ છે. જે કાલોલ તાલુકાના ઉતરેડીયા ગ્રામ પંચાયત વિસ્તારના નદી પટમાં પાણી ઉતરી જતા પાછલા બે-ત્રણ મહિનાથી બેફામપણે રેતી ખનન થતુ હોવાને પગલે રેતી ખનન રોકવા માટે ખાણ ખનીજ વિભાગ અને સ્વાગત કક્ષાએ રજુઆત કરવામાં આવી હતી. જેને પગલે ખાણ ખનીજ વિભાગે સરદાર જયંતિના રજાના માહોલ વચ્ચે પોતાની ટીમ સાથે રાખી છાપો મારી નદી પટમાં રેતી ખનન કરતા ટ્રેકટરોમાં નાસભાગ મચી જવા પામી હતી. જેને પગલે અમુક ટ્રેકટરો પલાયન થઈ ગયા હતા. જે પૈકી જે ટ્રેકટર ચાલકો ટ્રેકટરો નદી પટમાં છોડીને ભાગી ગયા હોય તેવા બિનવારસી હાલતમાં પાંચ ટ્રેકટરો ઝડપી પડાયા હતા. ખાણ ખનીજ વિભાગે પાંચેય ટ્રેકટરોને ખાણ ખનીજ વિભાગની ગોધરા કચેરી ખાતે કબ્જે કરી અંદાજિત રૂ.૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ટ્રેકટરોના નંબરની મદદથી હાલ અજાણ્યા ટ્રેક્ટર માલિકો અને ચાલકો વિરુદ્ધ દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનુ તંત્ર જણાવાયુ હતુ.

## કાલોલના સાગાના મુવાડા ગામે મારી બહેન સાથે ફોન પર વાત કરે છે તેમ કહી મારમારતાં ફરિયાદ

કાલોલ,

કાલોલ તાલુકાના સાગાના મુવાડા ગામે રહેતા ઈસમોએ તું મારી બહેન સાથે ફોન ઉપર વાત કરે છે. સંબંધે રાખે છે. તેમ કહેતા તેનો ફોન આવે છે તેમ કહેતા આરોપી ઉશ્કેરાઈ જઈ મારમારી તેમજ છોડાવવા પડેલ સાહેદને મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના સાગાના મુવાડા ગામે રહેતા રાકેશભાઈને આરોપી ઈસમો વનરાજસિંહ ગોહિલ અને રાજેન્દ્રસિંહ સોલંકીએ આવી તું મારી બહેનને ફોન કરે છે. તેનું લગ્ન થયેલ છે. તેમ છતાં સંબંધો રાખે છે. તેમ કહેતા રાકેશભાઈ હું ફોન નથી કરતો તેનો ફોન આવે છે. તેમ કહેતા ઉશ્કેરાઈ જઈ લાકડા વડે મારતાં ઈજાઓ થવા પામી હતી. જ્યારે વચ્ચે છોડાવવા પડેલ મહેશભાઈને ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.